RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 370 Dt. 15-07-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### ઈરાન ફરી બોખલાયુ, હોર્મુઝ ફરી વિવાદના વંટોળમાં

# UAEના તેલ ટેન્કરો પર મિસાઈલ હુમલો, ભારતીયનું મોત

## હુમલામાં ૮ ઘાયલ, યુએઈએ આ હુમલાને આંતરરાષ્ટ્રીય કાયદાનું ગંભીર ઉલ્લંઘન ગણાવ્યું.

નવીદિલ્હી, તા. ૧૪

મધ્ય પૂર્વ ફરી એકવાર યુદ્ધની જ્વાળાઓમાં ફસાઈ ગયું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ સમાપ્ત થઈ ગયો છે, અને બંને દેશોએ એકબીજાના સ્થાનો પર હુમલા ફરી શરૂ કરી દીધા છે. યુદ્ધની અસર ફરી એકવાર હોર્મુઝ સ્ટ્રેટમાં અનુભવાઈ રહી છે. દરમિયાન, ઈરાને હોર્મુઝમાં તેલ ટેન્કરો પર હુમલો કર્યો છે. અહેવાલો અનુસાર, ઈરાની મિસાઈલ હુમલામાં એક ભારતીય નાગરિકનું પણ મોત થયું છે. યુએઈ સંરક્ષણ મંત્રાલયે આ માહિતી આપી છે.

ઞઅઊ ના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે ઈરાની ક્રુઝ મિસાઈલોએ તેમના જહાજોને નિશાન બનાવ્યા છે. ઞઅઊ ના જણાવ્યા અનુસાર, ઈરાની મિસાઈલોએ સાઉથ ચેનલમાં બે ઞઅઊ ટેન્કરો પર હુમલો કર્યો હતો, જેમાં એક નાવિકનું મોત થયું હતું. ઞઅઊ ના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈરાની ક્રુઝ મિસાઈલોએ 'મોમ્બાસા' અને 'બહિયા' નામના ટેન્કરોને નિશાન બનાવ્યા હતા, જે ઓમાની સમુદ્રમાં દક્ષિણ લેનમાંથી પસાર થઈ રહ્યા હતા. આ હુમલામાં, મોમ્બાસા પર એક ભારતીય ક્રૂ મેમ્બરનું મોત થયું હતું અને આઠ લોકો ઘાયલ થયા હતા, જેમાંથી ચારની હાલત ગંભીર છે. ઘાયલોમાં છ ભારતીય અને બે યુક્રેનિયન નાગરિકોનો સમાવેશ થાય છે.

અહેવાલો અનુસાર, ઈરાની હુમલાથી બંને ટેન્કરોમાં આગ લાગી હતી, જેના કારણે નુકસાન થયું હતું. જોકે, આગને બાદમાં કાબુમાં લેવામાં આવી હતી. યુએઈના સંરક્ષણ મંત્રાલયે આ હુમલાની નિંદા કરી હતી અને તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું ગંભીર ઉલ્લંઘન ગણાવ્યું હતું જે આ ક્ષેત્રમાં સુરક્ષા અને સ્થિરતાને જોખમમાં મૂકે છે. અગાઉ, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે યુએસ હવે હોર્મુઝ સ્ટ્રેટનું રક્ષક છે. તેમણે એમ પણ કહ્યું હતું કે યુએસ જહાજોની સલામતી માટે ૨૦ ટકા સુરક્ષા ફી વસૂલશે.

મંત્રાલયે પુષ્ટિ કરી છે કે આ હુમલામાં એક ભારતીય ક્રૂ મેમ્બરનું મોત થયું છે અને છ ભારતીયો અને બે યુક્રેનિયન નાગરિકો સહિત આઠ અન્ય લોકો ઘાયલ થયા છે. આગને કારણે બંને જહાજોને નુકસાન થયું હતું. આગને કાબૂમાં લેવામાં આવ્યું છે. યુએઈએ આ હુમલાની કડક નિંદા કરતાં જણાવ્યું કે આ આંતરરાષ્ટ્રીય કાયદાનું ગંભીર ઉલ્લંઘન છે અને દેશને યોગ્ય જવાબી કાર્યવાહી કરવાનો અધિકાર સુરક્ષિત છે.



### ઈરાનના હુમલાની સખત નિંદા

યુએઈએના વિદેશ મંત્રાલયએ હોર્મુઝ સ્ટ્રેટમાં ઓમાનના જળમાર્ગમાં મોમ્બાસા અને અલ બાહિયા નામના તેલ ટેન્કરો પર બે ક્રુઝ મિસાઈલોથી ઈરાન દ્વારા કરવામાં આવેલા હુમલાની સખત નિંદા કરી છે. MoFAએ હુમલામાં એક ભારતીય નાગરિકના મૃત્યુ બદલ ભારત સરકાર અને ભારતના લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. મંત્રાલયે ભાર મૂક્યો છે કે આ હુમલો યુએન સુરક્ષા પરિષદના ઠરાવ ૨૮૧૭નું સ્પષ્ટ ઉલ્લંઘન છે અને તમામ દુશ્મનાવટ તાત્કાલિક બંધ કરવા અને હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણ રીતે ફરીથી ખોલવાની માંગ કરી છે.

### હોર્મુઝ જળમાર્ગને બિનશરતી ફરીથી ખોલવાની માંગ

યુએઈએ જણાવ્યું હતું કે પ્રાદેશિક સુરક્ષાને સુરક્ષિત રાખવા અને વૈશ્વિક અર્થતંત્ર અને વેપારની સ્થિરતા જાળવવા માટે ઈરાને આ બિનઉશ્કેરણીજનક હુમલાઓ બંધ કરવા જોઈએ. તમામ દુશ્મનાવટ તાત્કાલિક બંધ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ રહેવું જોઈએ. કોઈપણ શરત વિના હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે ફરીથી ખોલવું જોઈએ. આ સમગ્ર ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) દ્વારા હોર્મુઝ જળમાર્ગ બંધ કર્યા બાદ અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી તણાવ વધી ગયો છે. તેના જવાબમાં અમેરિકાએ ઈરાનમાં ૧૪૦ સ્થળો પર જવાબી હુમલા કર્યા હોવાનું જણાવવામાં આવ્યું છે.

# ટ્રમ્પની ૨૪ કલાકની અંદર જ પીછેહઠ

નવીદિલ્હી, તા.૧૪

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા કાર્ગો પર ૨૦ ટકા ટેરિફ લાદવાનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો છે. એક દિવસ પહેલા, તેમણે જાહેરાત કરી હતી કે અમેરિકા સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ટોલ વસૂલશે. લગભગ ૨૪ કલાક પછી, તેમણે જાહેરાત કરી હતી કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ટોલ મુક્ત રહેશે, અને તેના બદલામાં ગલ્ફ દેશો અમેરિકા સાથે વેપાર અને રોકાણ કરશે. તેમણે એમ પણ કહ્યું કે ગલ્ફ દેશો અમેરિકા સાથે મોટા વેપાર કરારો પર હસ્તાક્ષર કરશે. મંગળવારે સાંજે ટ્રુથસોશિયલ પર એક પોસ્ટમાં, ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વૈશ્વિક શિપિંગ માટે સંપૂર્ણપણે ખુલ્લું છે, અને ફક્ત ઈરાની જહાજોને જ ત્યાંથી પસાર થવાથી પ્રતિબંધિત કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે યુએસ સૈન્ય આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગની સલામતી સુનિશ્ચિત કરી રહ્યું છે. દરમિયાન, ઈરાને



**હોર્મુઝમાં ટોલ વસૂલાતના મુદ્દા પર આવ્યા બેકફૂટ પર કહ્યું તેઓ ફી લેશે નહીં અને ગલ્ફ દેશો સાથે સોદો કરશે**

હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાની જાહેરાત કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, મધ્ય પૂર્વના નેતાઓ સાથે ખૂબ જ ઉત્પાદક ચર્ચાઓના આધારે, તેમણે ૨૦ ટકા યુનાઈટેડ સ્ટેટ્સ રિઈમ્બર્સમેન્ટ ફીને વેપાર અને રોકાણ કરારો સાથે બદલવાનો નિર્ણય લીધો છે જે વિવિધ ગલ્ફ દેશો અમેરિકા સાથે કરશે. ગલ્ફ નેતાઓ સાથે ચર્ચા કર્યા પછી, અમે પ્રસ્તાવિત શિપિંગ ટેરિફમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. એક દિવસ પહેલા, ટ્રમ્પે જાહેરાત કરી હતી કે અમેરિકા હોર્મુઝ સ્ટ્રેટનું કસ્ટોડિયન બનશે અને આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગે પરિવહન કરતા તમામ કાર્ગો પર ૨૦% ટેરિફ લાદશે. ઈરાને આ પ્રસ્તાવનો મજાક ઉડાવ્યો હતો. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે ૨૦% વધુ પડતો છે. ''અમે વાજબી ટેરિફ જાળવી રાખીશું.''

સોમવારે, ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનની નૌકાદળ નાકાબંધી અને જહાજો પર ટોલ લાદવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે, ''અમે હોર્મુઝ સ્ટ્રેટનું નિયંત્રણ લઈ રહ્યા છીએ. અમે તેને જાળવી રાખીશું અને તેનું સંચાલન કરીશું. સ્ટ્રેટના કસ્ટોડિયન તરીકે, અમે તેમાંથી પસાર થતા તમામ કાર્ગો પર ૨૦% ટેરિફ લાદવાની રજૂઆત કરી રહ્યા છીએ.''

સોમવારે, ઈરાનની પર્સિયન ગલ્ફ સ્ટ્રેટ ઓથોરિટી (PGSA) એ હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાની જાહેરાત કરી, આ પગલા માટે યુએસ લશ્કરી હુમલાઓને જવાબદાર ઠેરવ્યા. દરમિયાન, ઈરાની સરકારે ડોનાલ્ડ ટ્રમ્પના ટોલ લાદવાના નિર્ણયને હાસ્યાસ્પદ ગણાવ્યો. આ પછી, ઈરાની સૈન્યએ મંગળવારે હોર્મુઝ સ્ટ્રેટ પર નિયંત્રણ જાળવી રાખવાની પ્રતિજ્ઞા લીધી.

# લશ્કર વડા હાફિઝ સઈદ વિરુદ્ધ ભારતનું બિનજામીનપાત્ર વોરંટ

### પહેલગામ આતંકવાદી હુમલાની તપાસમાં મોટું પગલું

નવીદિલ્હી, તા.૧૪

પહેલગામ આતંકવાદી હુમલામાં લશ્કર-એ-તૈયબાના વડા હાફિઝ સઈદ વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યું છે. તેની ગેરહાજરીમાં ટ્રાયલની સુનાવણી શરૂ થઈ ગઈ છે અને NIAએ તેની સામે પૂરક ચાર્ટ શીટ તૈયાર કરી છે અને તેને આરોપી બનાવ્યો છે. ચાર્જશીટમાં, હાફિઝને પહેલગામ હુમલામાં માસ્ટરમાઈન્ડ તરીકે વર્ણવવામાં આવ્યો છે. તેને ભાગેડુ જાહેર કરવાની પ્રક્રિયા પણ શરૂ થશે. તમને જણાવી દઈએ કે પહેલગામ હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. જમ્મુ અને કાશ્મીરમાં પહેલગામ આતંકવાદી હુમલાની તપાસમાં એક મોટું કાનૂની પગલું લેવામાં આવ્યું છે. જમ્મુની અદાલતે પાકિસ્તાનમાં બેઠેલા લશ્કર-એ-તૈયબાના નેતા અને ૨૬/૧૧ મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદ સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. એવું માનવામાં આવે છે કે આ આદેશ પછી, ભારતમાં હાફિઝ સઈદ



સામે 'ગેરહાજરીમાં ટ્રાયલ' (આરોપીની ગેરહાજરીમાં ટ્રાયલનો કેસ) માટે રસ્તો સાફ કરવામાં આવ્યો છે.

NIA દ્વારા કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં એવું કહેવામાં આવ્યું હતું કે હાફિઝ સઈદ પાકિસ્તાનમાં હાજર છે અને અત્યારે તેને ભારત લાવવું શક્ય નથી. આવી સ્થિતિમાં કાયદા હેઠળ તેમની સામે કેસ ચલાવવાની પ્રક્રિયા શરૂ થવી જોઈએ. ગઈઅ ની દલીલો સાથે સંમત થતા કોર્ટે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું હતું. ભારત સરકારે તાજેતરમાં નવા ફોજદારી કાયદાઓ હેઠળ આવી જોગવાઈ કરી છે, જે મુજબ જો ભારતમાંથી ફરાર કોઈ આરોપી જાણીજોઈને કોર્ટમાં હાજર ન થાય અને તેની સામે ગંભીર ગુનાઓના પૂરતા પુરાવા હોય, તો તેની ગેરહાજરીમાં તેની સામે પણ કાર્યવાહી થઈ શકે છે.

પહેલા કોર્ટ આરોપીની હાજરી સુનિશ્ચિત કરવા માટે સમન્સ અને વોરંટ જારી કરે છે. જો આ પછી પણ આરોપી ન દેખાય, તો તેને ભાગેડુ જાહેર કરી શકાય છે અને પછી કોર્ટ તેની ગેરહાજરીમાં ટ્રાયલ શરૂ કરી શકે છે. હાફિઝ સઈદ ભારત સામેના અનેક મોટા આતંકવાદી હુમલાઓનું મુખ્ય કાવતરું કરનાર છે. તપાસ એજન્સીનું કહેવું છે કે પાકિસ્તાનમાં પહેલગામ હુમલાનું કાવતરું પણ ઘડવામાં આવ્યું હતું અને હાફિઝ સઈદે આમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. NIAએ કોર્ટને કહ્યું કે તેને પાકિસ્તાનથી ભારત લાવવાની તમામ કાનૂની શક્યતાઓ લગભગ પૂરી થઈ ગઈ છે.

### ગુજરાત ATSનું ઓપરેશન

# પાટણ-બનાસકાંઠાથી જૈશ-એ-મોહમ્મદના ૭ આતંકીઓ ઝડપાયા




રાજકોટ, તા. ૧૪

આગામી રથયાત્રા ૨૦૨૬ પહેલા ગુજરાતની સુરક્ષા એજન્સીઓએ આતંકવાદ વિરોધી ઝુંબેશ વધુ તીવ્ર બનાવી છે.

ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી (ATS) એ રવિવારે (૧૨ જુલાઈ, ૨૦૨૬) પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા અને ૭ આતંકવાદીઓને ઝડપી પાડીને રાજ્યમાં થનારા સંભવિત મોટા કાવતરાને નિષ્ફળ બનાવ્યું છે. રાજ્યના ઉત્તર ગુજરાતના બે જિલ્લાઓ, પાટણ અને બનાસકાંઠામાં ATSની ટીમે આતંકવાદી સંગઠન 'જૈશ-એ-મોહમ્મદ' સાથે સંકળાયેલા હોવાનું આવ્યું સામે

**રાજ્યમાં થનારા સંભવિત મોટા કાવતરાને નિષ્ફળ બનાવ્યું**

તપાસ દરમિયાન, એક કટલરીની દુકાન પર પણ દરોડા પાડવામાં આવ્યા હતા, જ્યાં એક શંકાસ્પદ વ્યક્તિએ નાના રમકડાંમાં વપરાતી બેટરીઓ ખરીદી હોવાના અહેવાલ હતા. દુકાનના માલિકની ઘણા કલાકો સુધી પૂછપરછ કરવામાં આવી હતી, અને ખરીદી અને વેચાણના રેકોર્ડની તપાસ કરવામાં આવી હતી. તે જ વિસ્તારમાં સ્થિત નૂરાની ટેઈલર્સમાંથી એક શંકાસ્પદ વ્યક્તિને પણ પૂછપરછ માટે લેવામાં આવ્યો હતો. વધુમાં, ATS સિદ્ધપુર તાલુકાના છટાવડા ગામમાં આરોપી મોહમ્મદ અમીન શેરાના ઘરે પહોંચી, અને તેના પરિવારના સભ્યોની પૂછપરછ કરી અને આ કેસમાં અન્ય સંભવિત સંપર્કો વિશે માહિતી એકત્રિત કરી.

ગુજરાત ATS દ્વારા થોડા દિવસો પહેલા ગુજરાત અને મધ્યપ્રદેશમાંથી આઠ આતંકવાદીઓની ધરપકડ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. તપાસ એજન્સીનો આરોપ છે કે આ વ્યક્તિઓ ગુજરાતમાં પાકિસ્તાન સ્થિત પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનું સક્રિય નેટવર્ક સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ATS અનુસાર, આરોપીઓએ ''દારુલ ઈસ્લામ ગુજરાત જૈશ-એ-મોહમ્મદ'' નામનું સંગઠન બનાવ્યું હતું અને પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સ અબ્દુલ્લા અને મોહમ્મદ ઉમર સાથે સંપર્કમાં હતા. એજન્સીનો દાવો છે કે આરોપીઓ જૈશ-એ-મોહમ્મદ સંબંધિત પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ કરીને સંગઠનની વિચારધારા ફેલાવવા, નવા સભ્યોની ભરતી કરવા અને ભંડોળ એકત્ર કરવામાં રોકાયેલા હતા.

શોધખોળ દરમિયાન, ડિજિટલ સામગ્રી, ઓડિયો-વિડિયો ફાઈલો, જૈશ-એ-મોહમ્મદનો ધ્વજ અને સંગઠનના નેતા મસૂદ અઝહરને ઉર્દૂમાં લખેલા પત્રો પણ મળી આવ્યા હતા. તમામ આરોપીઓ સામે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) અને ભારતીય દંડ સંહિતા (BNS) ની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ATSની પ્રાથમિક તપાસમાં આ આતંકવાદીઓના આતંકી સંગઠનો સાથેના જોડાણની પુષ્ટિ થઈ છે. સુરક્ષા દળો હવે આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય શખ્સોની પણ સઘન તપાસ કરી રહ્યા છે, જેથી આતંકવાદી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા વધુ શખ્સો જલ્દીથી પકડાઈ શકે. આ ઓપરેશનમાં પાટણ જિલ્લાના ચાટાવાડા, નેદ્રા, હૈદરપરા અને ખડીયાસણ ગામોમાંથી કુલ ૫ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે, જેઓ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યું છે. આ સાથે જ, બનાસકાંઠાના કમાલપુરા ગામમાંથી પણ ATSની ટીમે અન્ય ૨ આતંકવાદીઓને ઝડપી લીધા છે. સુરક્ષા એજન્સીઓની આ સઘન કાર્યવાહીને કારણે સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે.

# સૌ.યુનિ.માં મોટો વહીવટી ભૂકંપ

## વિવાદો અને રજૂઆતો વચ્ચે ઇન્ચાર્જ પરીક્ષા નિયામક મનીષ શાહનું રાજીનામું

રાજકોટ, તા. ૧૪

રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલી વહીવટી અરાજકતા અને વિવાદો વચ્ચે એક ખૂબ જ મોટા સમાચાર સામે આવ્યા છે. યુનિવર્સિટીના ઇન્ચાર્જ પરીક્ષા નિયામક મનીષ શાહે પોતાના પદ પરથી રાજીનામું ધરી દીધું છે. છેલ્લા ઘણા સમયથી યુનિવર્સિટીના પરીક્ષા વિભાગની ઢીલી અને વિવાદિત કામગીરીને લઈને વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક આલમમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો હતો, જે અંતે આ મોટા રાજીનામામાં પરિણમ્યો છે.

આ સમગ્ર ઘટનાક્રમ પાછળ તાજેતરમાં થયેલી રાજકીય અને વિદ્યાર્થી સંગઠનોની રજૂઆતો મુખ્ય જવાબદાર માનવામાં આવી રહી છે. કોંગ્રેસના આક્રમક વિદ્યાર્થી નેતા રોહિતસિંહ રાજપૂત દ્વારા રાજ્યના શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતમાં તેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ચાલી રહેલી પરીક્ષાઓમાં ગેરરીતિ, પરિણામો જાહેર કરવામાં થતો અતિશય વિલંબ અને સમગ્ર વહીવટી તંત્રની ઘોર બેદરકારી તથા અવ્યવસ્થાના મુદ્દાઓ અત્યંત આક્રમક રીતે શિક્ષણમંત્રી સમક્ષ મૂક્યા હતા. વિદ્યાર્થી નેતાએ આક્ષેપ કર્યો હતો કે યુનિવર્સિટીનું પરીક્ષા તંત્ર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરી રહ્યું છે અને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર સુધારો જોવા મળી રહ્યો નથી.



ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગની કામગીરી છેલ્લા કેટલાય સમયથી સતત શંકાના દાયરામાં અને વિવાદોના કેન્દ્રમાં રહી છે. સમયસર પરીક્ષાઓ ન યોજાવી, ઉત્તરવહીઓની ચકાસણીમાં ગોબાચારીની ફરિયાદો, પરિણામોમાં છાશવારે થતી છબરડાઓ અને માર્કશીટ મેળવવા માટે વિદ્યાર્થીઓને ખાવા પડતા ધક્કા જેવા અનેક ગંભીર પ્રશ્નોને કારણે પરીક્ષા વિભાગ ઘેરાયેલો હતો. આ તમામ આંતરિક ખદબદતા વિવાદો અને ગઈકાલે ઉચ્ચ સ્તરે થયેલી ધારદાર રજૂઆતો બાદ ભારે દબાણ ઊભું થતાં આખરે ઇન્ચાર્જ પરીક્ષા નિયામક મનીષ શાહે પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી દેવાની ફરજ પડી છે. મનીષ શાહના આ રાજીનામાથી યુનિવર્સિટીના શૈક્ષણિક અને વહીવટી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે, અને હવે આગામી સમયમાં પરીક્ષા વિભાગની બાગડોર કોને સોંપવામાં આવે છે તથા વહીવટી સુધારા માટે કેવા પગલાં લેવાય છે તેના પર સૌની નજર મંડાયેલી રહેશે.

### દીકરીઓને સશક્ત બનાવવા વાલીઓ સ્વરક્ષણના પાઠ ભણાવે, ગુડ ટચ અને બેડ ટચ વિશે જાગૃત કરે

# બાળકોનું ભવિષ્ય સુરક્ષિત કરવું પ્રાથમિકતા

રાજકોટ તા. ૧૪

ગુજરાત રાજ્ય બાળઅધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જરના અધ્યક્ષસ્થાને બાળકલ્યાણ સમિતિના સભ્યો અને વિવિધ એનજીઓના પ્રતિનિધિઓની બેઠક યોજાઈ હતી. જેમાં આયોગના સભ્ય અમૃતાબેન અખિયા અને કમલેશભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં બાળકોના અધિકારોના રક્ષણ પર ભાર મૂકતાં ચેરમેન શ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરે જણાવ્યું હતું કે, બાળકો સંબંધિત ગુનાઓને અટકાવવા માટે આપણે સૌએ ટીમ તરીકે કટિબદ્ધ થવું પડશે. બાળમજૂરી, બાળલગ્ન અને બાળજાતીય શોષણ જેવા ગંભીર મુદ્દાઓ અંગે છેવાડાના વિસ્તારો સુધી જાગૃતિ ફેલાવવી જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે, આપણે દીકરીઓને સશક્ત બનાવવાની છે, આ માટે વાલીઓએ દીકરીઓને સ્વરક્ષણની તાલીમ આપી ગુડ ટચ અને બેડ ટચ વિશે જાગૃત કરવી જોઈએ.

ધર્મિષ્ઠાબેન ગજ્જરે વધુમાં જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણની ચિંતા કરતા હોય, ત્યારે દેશના અને ગુજરાતના બાળકોનું ભવિષ્ય સુરક્ષિત કરવું એ આપણી પ્રાથમિકતા છે. વડાપ્રધાનના ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'' સૂત્રને સાર્થક કરીને આપણે બાળકોના અધિકારોનું રક્ષણ કરવાનું છે. આ બેઠકમાં ઉપસ્થિત બાળકલ્યાણ સમિતિના સભ્યો તેમજ વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ બાળસુરક્ષા અને કલ્યાણના વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી. તેમજ બાળકોને લગતા વિવિધ મુદ્દાઓ પર કામગીરી દરમિયાન વહીવટી તંત્ર દ્વારા મળેલા સહયોગ બદલ શુભેચ્છા પાઠવી હતી. શ્રી કાઠિયાવાડ નિરાશ્રિત બાલાશ્રમ ખાતે મળેલી આ બેઠકમાં નાયબ નિયામક, સમાજ સુરક્ષા વશીમ શા સૈયદ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી મેહુલગીરી ગોસ્વામી, ચીફ ઓફિસર-સમાજ સુરક્ષા કચેરી સંતોષભાઈ રાઠોડ સહિતના અધિકારઓ, જુવેનાઇલ જસ્ટિસ બોર્ડના સભ્ય, બાળ કલ્યાણ સમિતિના સભ્યો અને બાળ સુરક્ષા અને કલ્યાણ ક્ષેત્રે કાર્યરત વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.



ગુજરાત રાજ્ય બાળઅધિકાર સંરક્ષણ આયોગના ચેરમેનના અધ્યક્ષસ્થાને બાળકલ્યાણ સમિતિના સભ્યો અને એનજીઓના પ્રતિનિધિઓની બેઠક

# ભક્તિનગર રેલવે સ્ટેશનનો ૨૬.૮૦ કરોડના ખર્ચે કાયાકલ્પ

## શુક્રવારે વડાપ્રધાનના હસ્તે વર્ચ્યુઅલ લોકાર્પણ : પરિસરમાં ગાર્ડન, પ્લેટફોર્મ ઉપર કવર શેડ, ફુટ ઓવર બ્રિજ, એ.સી. પ્રતિક્ષાલય, કલાત્મક પ્રવેશદ્વાર થકી મુસાફરોને મળી વિશ્વસ્તરીય સુવિધાઓ

રાજકોટ, તા. ૧૪

રાજકોટ શહેરની મધ્યમાં આવેલ અને દૈનિક હજારો મુસાફરોની અવરજવરથી ધમધમતા ભક્તિનગર રેલવે સ્ટેશનને હવે ગ્લોબલ લુક મળ્યો છે. 'અમૃત ભારત સ્ટેશન યોજના' હેઠળ આશરે રૂા. ૨૬.૮૦ કરોડના ખર્ચે સ્ટેશનનો ભવ્ય પુનર્વિકાસ કરવામાં આવ્યો છે. આગામી ૧૭ જુલાઈને શુક્રવારે બપોરે ૨:૦૦ કલાકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આ નવનિર્મિત સ્ટેશનનું ઈ-લોકાર્પણ કરશે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ભક્તિનગર સ્ટેશન દરરોજ આશરે ૬,૯૦૦ મુસાફરોની અવરજવર વાળું અગ્રણી સ્ટેશન છે, જેને ધ્યાનમાં રાખીને આ વિશ્વસ્તરીય સુવિધાઓ ઊભી કરાઈ છે. સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૧ પર કોટા સ્ટોન ફ્લોરિંગ અને પ્લેટફોર્મ નંબર ૨ તેમજ ૩ પર વધારાના કવર શેડનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્ટેશન ભવનને આધુનિક એસીપી ક્લેડિંગ સાથે આકર્ષક સ્વરૂપ આપવામાં આવ્યું છે અને મુસાફરોની સુવિધા માટે અલગ પ્રવેશ અને નિકાસ દ્વાર વિકસાવવામાં આવ્યા છે. આશરે ૮,૬૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં સ્ટેશન ભવનનું અપગ્રેડેશન અને ૨,૭૬૦ ચોરસ ફૂટમાં વિશાળ કોનકોર્સ હોલનું નિર્માણ કરવામાં આવ્યું છે.




મુસાફરો માટે મહિલા અને પુરુષો માટે અલગ એરકન્ડિશન્ડ પ્રતીક્ષાલય, આધુનિક વીઆઈપી રૂમ, અદ્યતન સ્વચ્છતા સુવિધાઓ, આધુનિક સાઈનેજ અને વે-ફાઈન્ડિંગ પ્રણાલી, શ્રેષ્ઠ લાઈટિંગ વ્યવસ્થા અને વેન્ટિલેશનની વ્યવસ્થા વિકસાવવામાં આવી છે. સ્ટેશન પરિસરને હરિયાળું અને આકર્ષક સ્વરૂપ આપવા માટે આશરે ૨૫,૬૮૫ ચોરસ ફટ વિસ્તારમાં ગાર્ડન અને સર્ક્યુલેટિંગ એરિયા વિકસાવવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્ટેશન પર દિવ્યાંગજન-અનુકૂળ રેમ્પ, ટેક્ટાઈલ ટાઈલ્સ, આધુનિક મોડ્યુલર શૌચાલય, ૧ લાખ લીટર ક્ષમતાનો ભૂગર્ભ જળ સંપ ઓવરહેડ આરસીસી ટેન્ક બનાવવામાં આવી છે. મુસાફરોની અવરજવરને વધુ સરળ બનાવવા માટે ૧૨ મીટર પહોળા મુખ્ય ફૂટ ઓવર બ્રિજ તેમજ વેરાવળ દિશા તરફ ૩.૬૬ મીટર પહોળા વધારાના ફૂટ ઓવર બ્રિજનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે. સાથે જ, ૨૦-૨૦ મુસાફરોની ક્ષમતા વાળી ૪ આધુનિક લિફ્ટ સ્થાપિત કરવામાં આવી છે.

### શાસ્ત્રીજી મહારાજની ૧૨૫મી જન્મજયંતી નિમિતે યાત્રા સંપૂર્ણ થીમ આધારિત

# સ્વામિનારાયણ ગુરુકુલ દ્વારા જગન્નાથજીની રથયાત્રાનુ આયોજન

રાજકોટ, તા. ૧૪

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્વારા આગામી ૧૬ જુલાઈ, ગુરુવારે સાંજે ૪ કલાકે રથયાત્રા સ્વામિનારાયણ ગુરુકુલથી પ્રસ્થાન કરશે. આ રથયાત્રાની ખાસિયત એ છે કે રથયાત્રાના પાવન પર્વે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે આ યાત્રા સંપૂર્ણ થીમ આધારિત આયોજિત કરવામાં આવેલી છે. વર્ષોની પરંપરા અનુસાર ભગવાન જગન્નાથ, સુભદ્રાજી અને બળભદ્રજી ને વિશાળ રથમાં વિરાજીત કરી, સંતો દ્વારા રથને ખેંચીને નગરમાં વિચરણ કરશે. આ યાત્રામાં સૌથી આગળ ડીજે રહેશે. ૪૦ ઉપરાંત બાઈક સંપૂર્ણ રથયાત્રાનું પાયલોટિંગ કરતા હશે. ત્યારબાદ ૪૦ બાલમંડળના બાળકો એક સમાન ડ્રેસમાં સાયકલ સવારી વડે રથયાત્રામાં જોડાશે. જગન્નાથજીનો મુખ્ય રથ સાથે કાર,ટ્રેક્ટર,છોટા હાથી વગેરે વાહનો જોડાશે. ત્યારબાદ પદાતી વિદ્યાર્થીઓ તેમજ એક સમાન આત્મીય ડ્રેસમાં હરિભક્તો જોડાશે.આ યાત્રામાં એક ફ્લોટમાં સાંખ્યયોગી બહેનો અને મહિલા દ્વારા મહામંત્ર ગાન સાથે અવિરત પૂજન થશે. બીજા ડીજેના ફ્લોટ બાદ ત્રિરંગા દુપટ્ટા, સાફા સાથે, પંજાબી ડ્રેસ સાથે કિશોરીઓ જોડાશે. ત્યાર બાદ રેડ બાંધણી પહેરેલ યુવતીઓ અને સહજાનંદી સાડીમાં મહિલાઓ જોડાશે. મહિલા વિભાગમાં બેન્ડ પાર્ટી, કિશોરીના દાંડિયા રાસ, મહિલાઓના કરતાલ રાસ અને ખંજરી રાસ આકર્ષણનું કેન્દ્ર રહેશે.

વિવિધ રાસ મંડળીઓ હશે જે સમગ્ર રથયાત્રામાં રાસની રમઝટ બોલાવશે. સાથે કિર્તન મંડળીઓ કીર્તનભક્તિની જમાવટ કરશે. ગોવાળિયાના ડ્રેસમાં યુવાનો હિચ રાસ દ્વારા ગોકુળનો માહોલ સર્જશે. આ રથયાત્રામાં આગળ પાછળ સફાઈ વાહનો પણ હશે, જે રથયાત્રા દરમિયાન કોઈપણ કચરો સાફ કરી અને રથયાત્રાને પ્રદૂષણ મુક્ત બનાવશે. પૂ. ગુરુ મહારાજ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી અને ધૂન વાળા નારાયણપ્રસાદ સ્વામી અને વડીલ સંતોના હસ્તે રથયાત્રાનું પ્રસ્થાપન ગુરુવારે સાંજે ૪ વાગ્યે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટથી કરવામાં આવશે. જેમાં હજારો હરિભક્તો અને વિદ્યાર્થીઓ અને મહિલાઓ જોડાવાના છે.



### જગન્નાથજીની રથયાત્રા રૂટ :

ઢેબર રોડ ગુરુકુલથી નાગરીક બેંક ચોક, ભક્તિનગર સર્કલ, ૮૦ ફટ રોડ, શેઠ હાઈસ્કુલ,પારડી રોડ, સહકાર રોડ, ત્રિશુલ ચોક, ગાયત્રીનગર મેઈન રોડ, જલારામ ચોક, ધર્મજીવન મેઈન રોડ થઈ ગુરુકુલ પરત પધારશે. આ સમગ્ર રથયાત્રાના આયોજનમાં શ્રીવલ્લભ સ્વામી, પૂર્ણપ્રકાશ સ્વામી, હરિપ્રિય સ્વામી, રસિકવલ્લભ સ્વામી, તીર્થ સ્વામી, જનમંગલ સ્વામી વગેરે સંતો જોડાશે.

# ચાંદીપુરા વાયરસનો બાળકો જ કેમ બને છે ભોગ?

## ચાલુ વર્ષે ચાંદીપુરા વાઈરસના કારણે સરકારી આંકડા પ્રમાણે કુલ ત્રણ બાળકોનાં મોત



રાજકોટ, તા. ૧૪

ચાંદીપુરા વાયરસ ખાસ કરીને ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને જ કેમ વધુ નિશાન બનાવે છે, તે વૈજ્ઞાનિક અને તબીબી દ્રષ્ટિએ સમજવું ખૂબ જરૂરી છે. આ વાયરસ મુખ્યત્વે સેન્ડફ્લાય (રેતીની માખી) કરડવાથી ફેલાય છે અને બાળકોમાં તે ઝડપથી ગંભીર સ્વરૂપ ધારણ કરે છે. જ્યારે આ વાયરસ શરીરમાં પ્રવેશે છે, ત્યારે બાળકોનું શરીર તેની સામે લડવા માટે પૂરતા પ્રમાણમાં એન્ટિબોડીઝ બનાવી શકતું નથી. પુખ્ત વયના લોકો ભૂતકાળમાં આવા કોઈ વાયરસ અથવા માખીના સંપર્કમાં આવ્યા હોવાને કારણે તેમની અંદર એક પ્રકારની 'ઇમ્યુનિટી' (પ્રતિકારક શક્તિ) વિકસી ચૂકી હોય છે, જે બાળકોમાં હોતી નથી.

આપણા શરીરમાં લોહીમાંથી વાયરસને મગજ સુધી પહોંચતા રોકવા માટે એક કુદરતી દિવાલ હોય છે, જેને બ્લડ-બ્રેઈન બેરિયર કહે છે. નાના બાળકોમાં આ સિસ્ટમ સંપૂર્ણ રીતે વિકસિત થઈ હોતી નથી. પરિણામે, વાયરસ ખૂબ જ સહેલાઈથી અને ઝડપથી લોહીના માધ્યમથી મગજ સુધી પહોંચી જાય છે અને કેન્દ્રીય ચેતાતંત્રને નુકસાન પહોંચાડે છે. આ વાયરસ ફેલાવનારી સેન્ડફ્લાય (રેતીની માખી) મોટે ભાગે ગ્રામીણ વિસ્તારોમાં, કાચા મકાનોની તિરાડોમાં, ધૂળ અને કચરાવાળી જગ્યાઓ પર જોવા મળે છે. બાળકો મોટાભાગે ખુલ્લા પગે ધૂળમાં કે જમીન પર રમતા હોય છે. રમતી વખતે તેઓનું ધ્યાન મચ્છર કે માખી કરડવા પર નથી હોતું, જેના કારણે તેઓ સરળતાથી આ માખીનો શિકાર બની જાય છે. નાના બાળકો ઘણીવાર ટૂંકા કપડાં પહેરીને બહાર રમતા હોય છે, જેથી તેમના હાથ-પગ ખુલ્લા રહે છે. સેન્ડફ્લાય કદમાં મચ્છર કરતાં પણ નાની હોય છે અને તે બહુ ઊંચે ઉડી શકતી નથી (તે જમીનની નજીક જ ઉડે છે). આથી જમીન પર રમતા બાળકોના ખુલ્લા હાથ-પગ પર તે સરળતાથી કરડી લે છે.

### વાયરસ બાળકોના શરીરમાં કેવી રીતે અસર કરે છે?

આ વાયરસ શરીરમાં પ્રવેશ્યા પછી ખૂબ જ ઝડપથી (૨૪ થી ૪૮ કલાકમાં) અસર બતાવે છે:

- અચાનક તીવ્ર તાવ આવવો.
- ઉલ્ટીઓ થવી કે માથામાં અસહ્ય દુખાવો થવો.
- બાળક બેભાન થવા લાગવું અથવા તેને ખેંચ (આંચકી) આવવી.
- માનસિક સ્થિતિ બગડવી (ઝોકાં ખાવા કે ચિડચિડું થવું).

### બચાવના ઉપાયો

હાલમાં આ વાયરસની કોઈ ચોક્કસ એન્ટી-વાયરલ દવા કે રસી ઉપલબ્ધ નથી, તેથી બચાવ એ જ શ્રેષ્ઠ ઈલાજ છે:

- **આખા કપડાં પહેરાવો :-** બાળકોને ઘરની બહાર મોકલતી વખતે આખી બાયના શર્ટ અને પેન્ટ પહેરાવો.
- **મચ્છરદાનીનો ઉપયોગ :-** રાત્રે કે દિવસે સૂતી વખતે મચ્છરદાનીનો આગ્રહ રાખો.
- **સ્વચ્છતા રાખવી :-** ઘરની આસપાસ કચરો, ધૂળ કે ભેજ જમા ન થવા દો. કાચા મકાનો કે દીવાલોની તિરાડો પૂરી દો.
- **જંતુનાશક દવાનો છંટકાવ :-** સેન્ડફ્લાયના નાશ માટે ઘરની આસપાસ યોગ્ય દવાનો છંટકાવ કરાવો.

# ૮૯ મહેસુલી તલાટીઓને ૨૧ દિવસની તાલીમ

## તમામ તલાટીઓને ફરજ પર મુકતા પહેલા ઇનકયુબેશન તાલીમ અપાશે

રાજકોટ, તા.૧૪

રાજકોટ જિલ્લાને ફાળવવામાં આવેલા ૮૯ નવનિયુક્ત મહેસુલી તલાટીઓના લાંબા સમયથી અટકાયેલા પોસ્ટીંગનો આખરે અંત આવ્યો છે. રાજ્ય સરકારના મહેસુલ વિભાગના આદેશ બાદ હવે કલેક્ટર તંત્ર દ્વારા આ તમામ તલાટીઓને ફરજ પર મુકતા પહેલા ૨૧ દિવસની ખાસ 'ઇન્ક્યુબેશન તાલીમ' આપવામાં આવશે, અને ત્યારબાદ જ તેઓને અલગ-અલગ કચેરીઓમાં પોસ્ટીંગ અપાશે.

મહેસુલ વિભાગના સેક્શન અધિકારી રવિ પટેલ દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર અનુસાર, આ નવનિયુક્ત મહેસુલી તલાટીઓને મહેસુલી કામગીરી, રી-સર્વેની કામગીરી તેમજ જમીન દફતર (રેકર્ડ) કચેરીને લગતી ફરજોનું પ્રાથમિક જ્ઞાન અને કુશળતા મળી રહે તે હેતુથી 'દીનદયાળ મોજણી અને મહેસૂલી વહીવટ સંસ્થાના પરામર્શમાં આ ખાસ તાલીમનું આયોજન જિલ્લા કક્ષાએ કરવામાં આવ્યું છે.

નવનિયુક્ત મહેસૂલી તલાટીઓનો ૨૧ દિવસનો ઇન્ક્યુબેશન તાલીમ કાર્યક્રમ જિલ્લા કક્ષાએ યોજવાનો રહેશે.આ તાલીમ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અથવા તેની સમાંતરે ખાતે (પાંચ) દિવસીય ફિલ્ડ તાલીમનું આયોજન કરવામાં આવનાર છે. જેથી તેઓને મહેરાલી અને ફિલ્ડ કામગીરીની પ્રાયોગિક તાલીમ આપી ફરજો સોંપી શકાશે.




### અવસાન નોંધ

**રાજકોટ : મહેશભાઈ મનસુખભાઈ પરમાર (ઉં.વ. ૫૭) તે સ્વ. મનસુખભાઈ ધનજીભાઈ પરમારના પુત્ર, ઉષાબેનના પતિ, યોગેશભાઈ અને ડિમ્પલબેનના પિતા, પૃથ્વીરાજ અને હિરવાના નાના, તેમજ નીતિનભાઈ અને દક્ષાબેનના મોટાભાઈનું તા. ૧૨ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તથા પ્રાર્થનાસભા તા. ૧૭ ને શુક્રવારે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ દરમિયાન શ્રી સાંઈબાબા મંદિર, સાંઈબાબા સોસાયટી શેરી નં. ૨, ભગવતી હોલ તેમજ ક્રિષ્ના લીંક કોમ્પ્લેક્સની સામે, રેલનગર મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.**

# ફૂડ વિભાગની મેગા ડ્રાઈવ, ૧૨૧ પેઢીઓમાં સપાટો

## ૫૫ કિલો અખાદ્ય જથ્થાનો નાશ : ૧૮૦ કિલો પ્રતિબંધિત પ્રિન્ટેડ પસ્તી જપ્ત , ૪૪ હજારનો દંડ

રાજકોટ, તા. ૧૪

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફડ વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહી અર્થે સર્વેલન્સ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત ફૂડ વિભાગની ટીમો દ્વારા કુલ મળીને ૧૨૧ પેઢી અને રેસ્ટોરન્ટની તપાસ કરવામાં આવી હતી. આ ચેકિંગ દરમિયાન કુલ ૫૫ કિલોગ્રામ અખાદ્ય અને વાસી ખોરાકના જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, સ્ટોરેજની યોગ્ય વ્યવસ્થા ન હોવા, લાયસન્સ ન હોવા તેમજ અનહાઈજીનિક કન્ડિશન બાબતે કુલ ૩૫ પેઢીઓને વહીવટી નોટિસ આપવામાં આવી હતી. આરોગ્ય માટે હાનિકારક એવી ૧૮૦ કિલોગ્રામ પ્રતિબંધિત પ્રિન્ટેડ પસ્તીનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો હતો અને નિયમોના ઉલ્લંઘન બદલ વેપારીઓ પાસેથી કુલ ૪૪,૫૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. તેમજ ઋજ્જઅઈ એક્ટ હેઠળ ખાદ્ય પદાર્થોના ૧૨ નમૂના લઈ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.



ટાગોર રોડ પર આવેલા શ્રીમાન છોટુજી સમોસેવાલેને યોગ્ય સ્ટોરેજ રાખવા બાબતે નોટિસ આપી, ત્યાંથી મળેલા પૂર્વ-તૈયાર વાસી ચીજો તથા ઈન્ડસ્ટ્રીયલ સ્ટાર્ચ સહિતના ૫૫ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરાયો હતો અને ૫,૦૦૦ નો વહીવટી ચાર્જ વસૂલ કરી આંબલી-ખાંડની ચટણીનો નમૂનો લેવાયો હતો.

વિરાણી ચોક સ્થિત ધમાભાઈ બ્રેડવાળા અને ટાગોર રોડના રાજમંદિર ફરસાણને લાયસન્સ ન હોવા તેમજ ખરીદીના આધાર ન હોવા બદલ ૨,૦૦૦ લેખે દંડ કરાયો હતો. મંગળા મેઈન રોડ પર આવેલી જનતા બેકરીને ગંદકી અને ખાદ્યતેલ ડિસ્પ્લે ન કરવા બદલ ૨,૦૦૦ તથા શ્રી ઉમિયાજી ફરસાણને અનહાઈજીનિક કન્ડિશન, લાયસન્સ ન હોવા અને પસ્તીના ઉપયોગ બદલ ૨,૦૦૦નો દંડ કરાયો હતો.

આ જ વિસ્તારમાં વરિયા ભજીયા હાઉસને ૧,૦૦૦, શ્રી બાલગોપાલ લાલજી નાસ્તા હાઉસને ૧,૦૦૦ અને જય બાલાજી લસ્સી કોલ્ડ્રિંક્સને લાયસન્સ ન હોવા બદલ ૧,૦૦૦ નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. ગોંડલ રોડ પર મહાવીર ફરસાણને ૧,૦૦૦નો દંડ કરી ૪ કિલો પસ્તી જપ્ત કરાઈ હતી અને અમૃત ડેરી ફાર્મ પાર્લર પાસેથી લાયસન્સ ન હોવા બદલ ૧,૦૦૦ વસૂલાયા હતા, જ્યારે જય મહાકાળી પાણિપુરીમાંથી ૩ કિલો વાસી બટેટાના મસાલાનો નાશ કરાયો હતો.

પ્રતિબંધિત પ્રિન્ટેડ પસ્તી (છાપાના કાગળ) નો ઉપયોગ કરવા બદલ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી પેઢીઓ જેવી કે શ્રી ચામુંડા ફરસાણ (મોરબી રોડ), દ્વારિકાધીસ ફરસાણ (રેલનગર), ચામુંડા ફરસાણ (મોરબી રોડ), સોમનાથ નમકીન (ગાયત્રી નગર), બાલાજી ફરસાણ (બોલબાલા માર્ગ), ગાયત્રી ફરસાણ (ગાયત્રી નગર), જય સિયારામ ફરસાણ (હસનવાડી), જય બાલાજી ફરસાણ (હસનવાડી), મહાવીર નમકિન (સહકાર રોડ), શ્રી ગૌતમ ફરસાણ (સહકાર રોડ), અનમોલ ફરસાણ (કોઠારીયા રોડ), ભગવતી ફરસાણ (ગોવિંદ બાગ), બાલાજી ફરસાણ (ગોવિંદ બાગ), વિજય સ્વીટ માર્ટ (પેડક રોડ), ન્યુ ભારત સ્વીટ માર્ટ (પેડક રોડ), જગદીશ ગાંઠીયા (સંત કબીર રોડ), ભગીરથ ફરસાણ (સંત કબીર રોડ) અને વરિયા ફરસાણ (કોઠારીયા રોડ) પાસેથી વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો.

મવડી રોડ પર વરિયા ફરસાણમાંથી ૧૬ કિલો પસ્તી અને ગોંડલ રોડ પર જલારામ ફરસાણમાંથી ૧૧ કિલો પસ્તી જપ્ત કરી દંડ કરાયો હતો, જ્યારે મધુરમ કેક્સ બેક્સને લાયસન્સ અને લેબલિંગના અભાવ બદલ ૫૦૦નો દંડ કરાયો હતો. જામનગર રોડ પર પુષ્કરધામ કોમ્પ્લેક્સ, સરદાર કોમ્પ્લેક્સ અને કે.કે. કોમ્પ્લેક્સમાં આવેલી પેઢીઓ જેવી કે સાઈ દાળ પકવાન, બાલાજી ગાંઠિયા, ખેતલા આપા ટી-પાન, જય દ્વારકેશ પાન, શંકર ડિલક્ષ પાન, માધવ હોટલ (બે એકમો), ભૂમિ છોલે ભટુરે, કનૈયા હોટેલ, ખોડિયાર પૂરીશાક અને ખોડિયાર હોટેલને લાયસન્સ ન હોવા તેમજ અસ્વચ્છતા બદલ ૫૦૦ લેખે દંડ અને નોટિસ આપવામાં આવી હતી. બજરંગવાડી વિસ્તારમાં શિહોરી કૃપા નાસ્તા હાઉસ, મહેરાજ ફરસાણ (મીઠાઈ ટેગિંગનો અભાવ), શ્રી રામ ખમણ હાઉસ અને રામદેવ ફરસાણ પાસેથી પણ ૫૦૦ લેખે વહીવટી ચાર્જ વસૂલ કરાયો હતો.

# રાજકીય પક્ષો સાથે કલેકટરની હાઈલેવલ બેઠક

## ૨૦ થી ૨૫ મતદાન મથકો ઘટવાની શક્યતા : ઓછી મતદાર સંખ્યા ધરાવતા બૂથ નજીકના કેન્દ્રોમાં મર્જ કરવા અંગે પક્ષોના પ્રતિનિધિઓ પાસેથી મંગાશે સૂચનો

રાજકોટ, તા. ૧૪

રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે વહીવટી અને ચૂંટણી તંત્ર આગામી સમયના આયોજન માટે એક્શન મોડમાં આવી ગયું છે. ખાસ કરીને વહીવટી સુધારા અને મતદાન પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે રાજકોટ જિલ્લા કલેક્ટર અને મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા આવતીકાલે તારીખ ૧૫ને બુધવારના રોજ સાંજે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાનારી આ બેઠકમાં રાજકોટ જિલ્લાના તમામ નોંધાયેલા અને સક્રિય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને ખાસ આમંત્રિત કરવામાં આવ્યા છે. બેઠકનો મુખ્ય એજન્ડા મતદાન મથકોનું પુનઃગઠન (રેશનલાઈઝેશન) અને મતદાર યાદીના માળખાકીય સુધારા અંગેનો રહેશે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ હાઈલેવલ બેઠકમાં તાજેતરમાં હાથ ધરાયેલા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન રિપોર્ટ અને સંસ્થાગત સુધારાઓ હેઠળ થયેલી કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવશે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન વહીવટી ક્ષતિઓ નિવારવા અને પારદર્શિતા વધારવા માટે આ અહેવાલ ખૂબ મહત્વનો સાબિત થયો છે. આ ઉપરાંત, વિવિધ સ્તરે થયેલી ક્ષેત્રિય કામગીરીની પ્રગતિ અંગે પણ બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવનાર છે.

ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ, મતદાન મથકોના પુનઃગઠનની પ્રક્રિયામાં કોઈ વિવાદ ન સર્જાય તે માટે તમામ પક્ષોનો વિશ્વાસ મેળવવો અનિવાર્ય છે. આથી, આવતીકાલની બેઠકમાં સંભવિત ઘટાડા અને મર્જ થનારા બૂથની યાદી રાજકીય પક્ષો સમક્ષ રજૂ કરવામાં આવશે. મતદારોને મતદાનના દિવસે કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ પાસે આ અંગે વાંધા-સૂચનો મંગાવવામાં આવશે. પક્ષો તરફથી મળનારા રચનાત્મક સૂચનોને ધ્યાનમાં રાખીને જ મતદાન મથકોની અંતિમ યાદી તૈયાર કરી આગળની મંજૂરી માટે મોકલવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

બેઠકનો સૌથી મહત્વનો મુદ્દો જિલ્લાના મતદાન મથકોના માળખામાં ફેરફાર કરવાનો છે. ભૌગોલિક પરિસ્થિતિ, પરિવહનની સુવિધા અને મતદારોની સંખ્યાના સંતુલનને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા પ્રાથમિક સર્વે કરવામાં આવ્યો છે. જિલ્લામાં અંદાજે ૨૦ થી ૨૫ જેટલા મતદાન મથકોમાં ઘટાડો થવાની પ્રબળ શક્યતા છે. જે મતદાન મથકો પર મતદારોની સંખ્યા નિયત મર્યાદા કરતાં ઓછી નોંધાઈ છે, અથવા તો જ્યાં ખૂબ જ નજીકના અંતરે વૈકલ્પિક મકાન કે સુવિધા ઉપલબ્ધ છે, તેવા મતદાન મથકોને પાડોશી બૂથ સાથે જોડી દેવામાં આવશે.

તાજેતરની ચૂંટણીઓ દરમિયાન કયા મતદાન મથકો પર પ્રક્રિયા ધીમી રહી, ક્યાં મતદારોને લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડ્યું અથવા કયા વિસ્તારોમાં ભૌગોલિક વિસંગતતા જોવા મળી તેનો ડેટા આ રિપોર્ટમાં છે. ટેકનોલોજીનો ઉપયોગ કરી ચૂંટણી બૂથનું સંચાલન સરળ બનાવવું અને માનવબળ તેમજ સરકારી સંસાધનોનો બગાડ અટકાવવા માટેના પ્રયાસો હાથ ધરાશે. વહીવટી તંત્રના પ્રાથમિક સર્વે મુજબ, જિલ્લામાં અંદાજે ૨૦ થી ૨૫ જેટલા મતદાન મથકોનો ઘટાડો થવાની પૂરેપૂરી શક્યતા છે. ચૂંટણી પંચના નિયમ મુજબ ગ્રામ્ય કે શહેરી વિસ્તારના ચોક્કસ બૂથ પર ન્યૂનતમ મતદારોની સંખ્યા હોવી અનિવાર્ય છે. જે બૂથ પર મતદારોની સંખ્યા ખૂબ જ ઓછી છે, તેને જાળવી રાખવા વહીવટી રીતે ખર્ચાળ સાબિત થાય છે.

કેટલાક વિસ્તારોમાં માત્ર થોડા જ મીટરના અંતરે બે અલગ-અલગ મતદાન મથકો આવેલા છે. જો કોઈ એક મથકની બાજુમાં જ સરકારી શાળા કે સરકારી મકાન જેવી ઉત્તમ વૈકલ્પિક સુવિધા ઉપલબ્ધ હોય, તો ઓછી સંખ્યા ધરાવતા બૂથને તેમાં મર્જ (વિલીનીકરણ) કરી દેવામાં આવશે.

# ગરીબોની રોજીરોટી પર તરાપ

## વૈકલ્પિક વ્યવસ્થા વગર લારી-ગલ્લા હટાવવાની ઝુંબેશ માનવતાહીન, કાર્યવાહી તાત્કાલિક રોકવા કોંગ્રેસનું આવેદન

રાજકોટ, તા. ૧૪

વધતી જતી મોંઘવારીના આ કપરા સમયમાં મહાનગરપાલિકા (મનપા) દ્વારા રોજનું કમાઈને રોજ ખાતા નાના લારી-ગલ્લા ધારકો અને પથારાવાળા વેપારીઓ સામે આકરી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. કોઈપણ વૈકલ્પિક વ્યવસ્થા આપ્યા વિના ગરીબ વેપારીઓને હટાવવાની આ ઝુંબેશના કારણે અનેક પરિવારોના મોંમાંથી કોળિયો છીનવાઈ રહ્યો છે અને તેમની રોજીરોટી ગંભીર જોખમમાં મુકાઈ છે. આ મામલે કોંગ્રેસ પક્ષ દ્વારા આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે અને મ્યુનિસિપલ કમિશનરને રૂબરૂ મળીને એક રજૂઆત પત્ર (આવેદનપત્ર) પાઠવવામાં આવ્યું છે.



કોંગ્રેસે આવેદનપત્રમાં સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે, તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા કે યોગ્ય જગ્યા ફાળવ્યા વિના સીધી જ લારી-ગલ્લા હટાવવાની જે કાર્યવાહી કરવામાં આવી રહી છે, તે માનવતાના તમામ સિદ્ધાંતોથી વિપરીત છે. ટ્રાફિકની સમસ્યા, જાહેર સુવિધા કે અન્ય કોઈ વહીવટી કારણોસર જો કોઈ વિસ્તારમાંથી આ નાના ધંધાર્થીઓને હટાવવા અનિવાર્ય હોય, તો તંત્રની એ નૈતિક અને કાનૂની ફરજ બને છે કે સૌપ્રથમ તેઓને યોગ્ય વૈકલ્પિક જગ્યા પૂરી પાડવામાં આવે.

ત્યારબાદ જ કોઈ હટાવવાની ઝુંબેશ હાથ ધરવી જોઈએ. તાજેતરમાં જ મવડી મેઈન રોડ પર વર્ષોથી ભરાતા પરંપરાગત રવિવારી બજારને મનપાના તંત્ર દ્વારા બળપૂર્વક હટાવી દેવામાં આવ્યું હતું એટલું જ નહીં, ગરીબ વેપારીઓનો માલસામાન પણ જપ્ત કરી લેવામાં આવ્યો હતો. આ અન્યાયી પગલાં સામે કોંગ્રેસના આગેવાનો પીડિત વેપારીઓ સાથે સ્થળ પર દોડી ગયા હતા અને તેમની લડતમાં જોડાયા હતા. આ અંગે પણ કોંગ્રેસે વેપારીઓ સાથે રજુઆત કરી હતી. આ રજુઆતમાં પ્રમુખ રાજદીપસિંહ જાડેજા, મેહુલભાઇ મકવાણા, કૃણાલભાઇ ચૌહાણ, નિલેશભાઇ ભરવાડ, ધંધાર્થીઓ જોડાયા હતા.

નાના લારી-ગલ્લા ધારકો સામે ચાલી રહેલી કાર્યવાહી તાત્કાલિક અસરથી સ્થગિત કરવી જોઇએ. જો ટ્રાફિક, જાહેર સુવિધા અથવા અન્ય વહીવટી કારણોસર સ્થળાંતર જરૂરી હોય તો સૌપ્રથમ તેમને યોગ્ય વૈકલ્પિક સ્થળ ફાળવવામાં આવે અને ત્યારબાદ જ કોઈ કાર્યવાહી હાથ ધરવી જોઇએ. મવડી મેઈન રોડ પર રવિવાર બજાર હટાવીને માલસામાન જપ્ત કરવામાં આવ્યો છે.

# લેન્ડ માફિયાઓ પર કલેક્ટરનો સપાટો

## કોઠારીયામાં કરોડોની સરકારી જમીન કરાવાઈ ખુલ્લી

રાજકોટ, તા. ૧૪

રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા સરકારી જમીનો પર થયેલા ગેરકાયદેસર દબાણોને તાત્કાલિક અસરથી હટાવી, કિંમતી સરકારી મિલકતો ખુલ્લી કરાવવા માટે જિલ્લાના તમામ મામલતદારોને કડક સૂચનાઓ આપવામાં આવી છે. કલેક્ટરના આ આદેશના પગલે સમગ્ર જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં મામલતદારો દ્વારા ક્રમશઃ મેગા ડિમોલિશન હાથ ધરીને અત્યાર સુધીમાં કરોડો રૂપિયાની સરકારી જમીનોને દબાણમુક્ત કરવામાં આવી રહી છે. આ જ ઝુંબેશના ભાગરૂપે રાજકોટ તાલુકા મામલતદાર અને તેમની ટીમ દ્વારા આજરોજ કોઠારીયા વિસ્તારમાં એક મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. કલેક્ટરની સીધી સૂચનાથી કોઠારીયામાં આવેલી અંદાજે રૂા. દોઢ કરોડની બજાર કિંમત ધરાવતી કિંમતી સરકારી જમીન પરના દબાણોને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા હતા.





રાજકોટ તાલુકા મામલતદાર કચેરીના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મામલતદાર દ્વારા તાજેતરમાં જ કોઠારીયા વિસ્તારમાં સરકારી જમીનોની ચકાસણી (ઈન્સ્પેક્શન) કરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન સરકારી જમીન પર મોટાપાયે ગેરકાયદેસર દબાણ થયું હોવાનું સામે આવ્યું હતું. આ બાબતનો કેસ ચાલ્યા બાદ, જિલ્લા કલેક્ટરે આ જમીન પરથી દબાણો તાકીદે હટાવી લેવાનો આખરી આદેશ જારી કર્યો હતો. મામલતદાર કચેરીના સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, આ સરકારી જમીન પર ગેરકાયદેસર કબજો જમાવીને બેઠેલા દબાણકર્તાઓને વહીવટી તંત્ર દ્વારા અગાઉથી જ કાયદેસરની નોટિસો ફટકારીને દબાણ સ્વૈચ્છિક રીતે હટાવી લેવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો હતો. આમ છતાં, દબાણકર્તાઓએ પોતાના આસામી દબાણો દૂર કર્યા ન હતા. આથી, કલેક્ટરના આદેશના પગલે આજરોજ સવારથી જ મામલતદારની ટીમ કાફલા સાથે ત્રાટકી હતી અને પોલીસ બંદોબસ્ત સાથે ૨૦૦ ચો. મી.ની આ કિંમતી જમીન પર બુલડોઝર ફેરવીને તેને સંપૂર્ણપણે ખુલ્લી કરાવી, સરકાર હસ્તક મેળવી લીધી છે. આગામી દિવસોમાં પણ તાલુકાના અન્ય વિસ્તારોમાં આ પ્રકારની કડક કામગીરી ચાલુ રહેશે તેવા સંકેતો મળી રહ્યા છે.

કલેક્ટરના આ 'મેગા પ્લાન' ના પગલે સમગ્ર જિલ્લાનું વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે અને જુદા જુદા તાલુકાઓમાં કરોડો રૂપિયાની કિંમતી સરકારી જમીનો ખુલ્લી કરાવવામાં આવી રહી છે. આ જ કડક કાર્યવાહીના સિલસિલા અંતર્ગત આજરોજ રાજકોટ તાલુકા મામલતદાર અને તેમની ટીમ દ્વારા શહેરના હાર્દ સમાન અને ઝડપથી વિકસતા કોઠારીયા વિસ્તારમાં એક મોટું ઓપરેશન હાથ ધરીને અંદાજે રૂા. દોઢ કરોડની બજાર કિંમત ધરાવતી સરકારી જમીનને ભૂમાફિયાઓના ચુંગાલમાંથી મુક્ત કરાવી હતી.

રાજકોટ તાલુકા મામલતદાર કચેરીના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, મામલતદારની ટીમ દ્વારા તાજેતરમાં કોઠારીયા વિસ્તારમાં સરકારી જમીનોના રેકોર્ડની ચકાસણી અને સ્થળ તપાસ (ઈન્સ્પેક્શન) કરવામાં આવ્યું હતું. આ ઈન્સ્પેક્શન દરમિયાન ધ્યાને આવ્યું હતું કે, કોઠારીયાના સર્વે નંબર ૨૨ પૈકીની અંદાજે ૨૦૦ ચોરસ મીટર જેટલી મોકાની સરકારી જમીન પર કેટલાક તત્વો દ્વારા ગેરકાયદેસર રીતે કબ્જો જમાવી લેવામાં આવ્યો હતો. એટલું જ નહીં, આ કિંમતી જમીન પર વ્યાપારી હેતુ માટે પાણીના સ્ટોલ, ટી-સ્ટોલ (ચાની હોટલો) અને અન્ય કાચા-પાકા શેડ ઊભા કરી દેવામાં આવ્યા હતા, જેનો વ્યાપારી ઉપયોગ થઈ રહ્યો હતો.

# લોકમેળા માટે ૮ કરોડનું વીમા કવચ

## તંત્ર એક્શન મોડમાં, સીસીટીવી નેટવર્ક અને ડ્રોનથી રખાશે બાજ નજર

રાજકોટ, તા. ૧૪

સૌરાષ્ટ્રની લોક સંસ્કૃતિના પ્રતીક સમાન રાજકોટના સુપ્રસિદ્ધ જન્માષ્ટમી લોકમેળાની તૈયારીઓ કલેક્ટર તંત્ર અને લોકમેળા સમિતિ દ્વારા ધીમી પણ મક્કમ ગતિએ આગળ ધપાવવામાં આવી રહી છે. રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ પાંચ દિવસીય મેળાને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, ત્યારે વહીવટી તંત્ર દ્વારા પણ સુરક્ષા અને સુવિધાને સર્વોચ્ચ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. દર વર્ષે આ લોકમેળામાં લાખોની જનમેદની ઉમટી પડતી હોય છે. કોઈ પણ આકસ્મિક દુર્ઘટના સમયે મુલાકાતીઓને આર્થિક અને સુરક્ષાત્મક રક્ષણ મળી રહે તેવા આશયથી ચાલુ વર્ષે પણ રૂપિયા ૮ કરોડનું જંગી વીમા કવચ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.



દર વર્ષે આ લોકમેળામાં લાખોની જનમેદની ઉમટી પડતી હોય છે. કોઈ પણ આકસ્મિક દુર્ઘટના સમયે મુલાકાતીઓને આર્થિક અને સુરક્ષાત્મક રક્ષણ મળી રહે તેવા આશયથી ચાલુ વર્ષે પણ રૂપિયા ૮ કરોડનું જંગી વીમા કવચ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગત વર્ષે સુરક્ષાના કડક માપદંડોને ધ્યાનમાં રાખીને વીમાની રકમ વધારીને ૮ કરોડ કરવામાં આવી હતી. આ વર્ષે પણ આ જ સુરક્ષા કવચ યથાવત રાખવામાં આવશે તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. હાલ મંડપ, રોશની, ડેકોરેશન તેમજ સુરક્ષા માટેના સીસીટીવી (ઈઈઝટ) કેમેરા સહિતની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. મેળામાં સ્ટોલ અને પ્લોટ રાખવા ઈચ્છતા વેપારીઓ માટે ફોર્મ વિતરણ તેમજ પ્લોટની હરાજીનો સત્તાવાર કાર્યક્રમ હવે ટૂંક જ સમયમાં કલેક્ટર તંત્ર દ્વારા જાહેર કરવામાં આવશે.

લોકમેળામાં પ્રતિવર્ષ લાખોની જનમેદની ઉમટી પડતી હોય કોઈ આકસ્મીક દુર્ઘટના ન સર્જાય અને મુલાકાતીઓને સુરક્ષા મળી રહે તેવા ઉદેશ સાથે વહીવટી તંત્ર દ્વારા આ વિમા કવચ લેવામાં આવે છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે લોકમેળાનો પ્લાન-લેઆઉટ ફાઈનલ કરી દેવામાં આવ્યા બાદ હવે મંડપ, રોશની, ડેકોરેશન, સીસી ટીવી કેમેરા સહિતની ટેન્ડર પ્રક્રિયા હાલ લોકમેળા સમિતિ દ્વારા હાથ ધરવામાં આવી છે. હવે આગામી ટુંક સમયમાં ફોર્મ વિતરણ તેમજ હરરાજીનો કાર્યક્રમ પણ જાહેર કરી દેવામાં આવનાર છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# મોતનો ખજાનો

## ઘાતક હથિયારો ગુજરાતમાં લોહીની નદીઓ વહાવશે, પણ..



ગુજરાત પોતાની શાંતિ, વેપાર અને સલામતી માટે દેશભરમાં જાણીતું રહ્યું છે. પરંતુ તાજેતરના સમયમાં રાજ્યની આ ઓળખ સામે એક બહુ મોટો ખતરો મંડરાઈ રહ્યો છે. ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારોમાંથી ગેરકાયદેસર ઘાતક હથિયારો ઝડપાવાનો સિલસિલો સતત વધી રહ્યો છે. પરપ્રાંતમાંથી આવતા ગુનાહિત માનસિકતા ધરાવતા શખ્સો અહીં દેશી તમંચા, પિસ્તોલ અને જીવતો દારૂગોળો ઘુસાડી રહ્યા છે. આ હથિયારોનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે, જે કાયદો અને વ્યવસ્થા સામે સીધો પડકાર છે.

સૌથી વધુ આંચકાજનક બાબત એ છે કે આ હથિયારો શહેરોથી આગળ વધીને છેક અંતરિયાળ ગામડાઓ સુધી પહોંચી રહ્યા છે. તેમ છતાં સ્થાનિક પોલીસ અને ગુપ્તચર તંત્ર આ ગંભીર બાબતથી તદ્દન અજાણ છે. આ પરિસ્થિતિ જોઈને જનતાના મનમાં સવાલો ઊઠે છે કે, શું વહીવટી તંત્ર અંધારામાં છે કે પછી કોઈ સ્તરે સાંઠગાંઠ ચાલી રહી છે? ગમે તે હોય, પરંતુ આ બેદરકારી ગુજરાતને ભારે વિનાશ તરફ ધકેલી રહી છે. જો હથિયારોનું આ દૂષણ ડામવામાં નહીં આવે, તો શાંત ગણાતા આ રાજ્યમાં લોહીની નદીઓ વહેતા વાર નહીં લાગે.

ચિંતાની બાબત એ પણ છે કે, હવે દેશવિરોધી અને ઈસ્લામી આતંકી સંસ્થાઓ સાથે જોડાયેલા સંગઠનો પણ ગુજરાતમાં સક્રિય બની રહ્યા છે. અસામાજિક તત્વો અને આતંકી વિચારધારા ધરાવતા જૂથો વચ્ચેનું આ જોડાણ કોઈ મોટા પ્રચંડ વિસ્ફોટ જેવું સાબિત થઈ શકે છે. તાજેતરમાં રાજ્યમાં બનેલી કેટલીક ક્રૂર હત્યાઓ અને અમાનુષી ગુનાઓ આ ભયાનક જોખમના સ્પષ્ટ સંકેતો આપી રહ્યા છે.

એવું લાગે છે કે તંત્ર હજુ પણ આ ગંભીર જોખમ પ્રત્યે પૂરતું જાગૃત નથી. માત્ર છૂટાછવાયા હથિયારો પકડવા પૂરતું નથી, પરંતુ આ નેટવર્કના મૂળ સુધી પહોંચીને સરહદો પર કડક નાકાબંધી કરવી જરૂરી છે. જોખમથી સાવધ ન રહેનારો સમાજ ક્યારેય શાંતિની ઊંઘ લઈ શકતો નથી. હવે પાણી પહેલાં પાળ બાંધવાનો સમય આવી ગયો છે, જેથી ભવિષ્યની મોટી હોનારતને અટકાવી શકાય.

# ભારતે UNSCના સભ્યપદ માટે ઝુંબેશ શરૂ કરી

## જયશંકરે વિઝન સમજાવતા કહ્યું, વૈશ્વિક વ્યવસ્થામાં ભારત આત્મ વિશ્વાસ અને વૈશ્વિક શાંતિ જાળવણીના રેકોર્ડને પ્રતિબિંબિત કરે છે.

નવીદિલ્હી, તા. ૧૪

ભારતે ૨૦૨૮-૨૯ ના કાર્યકાળ માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ના અસ્થાયી સભ્ય બનવા માટે ચૂંટણી ઝુંબેશ શરૂ કરી છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું હતું કે ભારતનો શાંતિ નિર્માણનો રેકોર્ડ મજબૂત છે, વિકાસ માટે અન્ય દેશો સાથે ભાગીદારી કરે છે અને નિયમો આધારિત વિશ્વ વ્યવસ્થામાં માને છે. વિદેશ મંત્રી જયશંકરે ભારતનું શાંતિ વિઝન પણ રજૂ કર્યું. જયશંકરે સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલય ખાતે આયોજિત એક ખાસ કાર્યક્રમ દરમિયાન ''શાંતિઃ ભારત ઞગ સુરક્ષા પરિષદ ૨૦૨૮-૨૯'' અભિયાન શરૂ કર્યું. સંયુક્ત રાષ્ટ્રમાં વિવિધ દેશોના કાયમી પ્રતિનિધિઓ, રાજદ્વારીઓ અને વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.



ભારતે જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર પ્રત્યેનો તેનો અભિગમ શાંતિની વિભાવના પર આધારિત છે, જેનો અર્થ ધોરણો, વિશ્વાસ અને અખંડિતતા દ્વારા સમાવિષ્ટ પ્રગતિ સુનિશ્ચિત કરવાનો છે. ભારત અગાઉ ૨૦૨૧-૨૨ ના કાર્યકાળ માટે સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય તરીકે સેવા આપી ચૂક્યું છે. ૨૦૨૮-૨૯ ના કાર્યકાળ માટે ચૂંટણી આવતા વર્ષે જૂનમાં યોજાશે. ભારત અને તાજિકિસ્તાન એશિયા-પેસિફિક જૂથમાં એકમાત્ર બેઠક માટે સ્પર્ધા કરશે. જયશંકર યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસને પણ મળવાના છે. તેમણે અગાઉ ૫ થી ૧૦ જુલાઈ દરમિયાન કતાર, બહેરીન, કુવૈત અને ઓમાનની મુલાકાત લીધી હતી. તેઓ સપ્તાહના અંતે ન્યૂયોર્ક પહોંચ્યા હતા. તેઓ ૧૪-૧૫ જુલાઈના રોજ બ્રસેલ્સમાં ભારત-યુરોપિયન યુનિયન ટ્રેડ એન્ડ ટેકનોલોજી કાઉન્સિલની ત્રીજી બેઠકમાં ભાગ લેશે અને યુરોપિયન યુનિયન અને બેલ્જિયમના તેમના સમકક્ષો સાથે પણ મુલાકાત કરશે.

યુએન સુરક્ષા પરિષદની આ ચૂંટણી એવા સમયે થઈ રહી છે જ્યારે વિશ્વ ઝડપથી બદલાતા ભૂ-રાજકીય પરિદૃશ્યનો સામનો કરી રહ્યું છે. યુક્રેન યુદ્ધ, ગાઝા સંઘર્ષ અને ઈરાન સામે યુએસ-ઇઝરાયલ લશ્કરી કાર્યવાહી જેવી ઘટનાઓ વૈશ્વિક રાજકારણને આકાર આપી રહી છે.

ગયા અઠવાડિયે ઇન્ડોનેશિયન સંસદને સંબોધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે જ્યારે વૈશ્વિક વ્યવસ્થા ઝડપથી બદલાઈ રહી છે, ત્યારે ભારત જેવા વિકાસશીલ દેશો સમાન ભાગીદારી અને વૈશ્વિક બાબતોમાં વધુ અસરકારક ભૂમિકા ઇચ્છે છે. તેમણે જણાવ્યું હતું કે આ બદલાતા વૈશ્વિક પરિદૃશ્યમાં યુએન સુરક્ષા પરિષદમાં સુધારા જરૂરી બની ગયા છે. ભારત લાંબા સમયથી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના વ્યાપક સુધારાનો અગ્રણી સમર્થક રહ્યો છે. તે દલીલ કરે છે કે ૧૯૪૫માં સ્થપાયેલી ૧૫ સભ્યોની સુરક્ષા પરિષદ હવે ૨૧મી સદીની જરૂરિયાતો અને વર્તમાન ભૂ-રાજકીય વાસ્તવિકતાઓ સાથે સુસંગત નથી.

તેથી, પરિષદની સભ્યપદને તેના કાયમી અને અસ્થાયી બંને શ્રેણીઓમાં વિસ્તૃત કરવી જોઈએ. ભારતે સતત એ પણ જાળવી રાખ્યું છે કે તે સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ માટે કાયદેસર દાવેદાર છે.

# અરવિંદ કેજરીવાલની ઓનલાઈન સહી ઝુંબેશ



## સરકારને E20 પેટ્રોલ બંધ કરવાની અપીલ કરી

નવીદિલ્હી, તા. ૧૪

ઊ૨૦ પેટ્રોલને લગતા વધતા વિવાદ વચ્ચે, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે આજે ''સ્ટોપ E20 પેટ્રોલ'' ઓનલાઈન સહી ઝુંબેશ શરૂ કરી, જેની તેમણે તાજેતરમાં જાહેરાત કરી હતી. કેજરીવાલે જણાવ્યું હતું કે લોકો StopE20petrol.com દ્વારા વડા પ્રધાનને અરજી પર સહી કરીને પોતાનો અવાજ નોંધાવી શકે છે. કેજરીવાલે જણાવ્યું હતું કે સરકાર યોગ્ય તૈયારી વિના દેશ પર E20 પેટ્રોલ લાદી રહી છે, જ્યારે લાખો વાહન માલિકો ઓછા માઈલેજ, એન્જિન સમસ્યાઓ અને વધેલા ખર્ચની ફરિયાદ કરી રહ્યા છે. આમ છતાં, સરકાર લોકોની ચિંતાઓ સાંભળવાને બદલે દરેક વસ્તુને વાજબી ઠેરવવાનો પ્રયાસ કરી રહી છે.

અઅડના રાષ્ટ્રીય સંયોજકે જણાવ્યું હતું કે લોકશાહીમાં, જનતાનું સાંભળવું સરકારની જવાબદારી છે, પરંતુ મોદી સરકાર લોકોને કોઈ પણ વિકલ્પ આપવા તૈયાર નથી. લોકો પેટ્રોલ પંપ પર શુદ્ધ પેટ્રોલ, E10 અને E20નો વિકલ્પ ઇચ્છે છે, જેનાથી તેઓ તેમને જરૂરી ઈંધણ પસંદ કરી શકે. જો કે, સરકાર આ સ્વીકારવાનો ઇનકાર કરી રહી છે. કેજરીવાલે જણાવ્યું હતું કે E20 પેટ્રોલની ઓછી ઉર્જા કાર્યક્ષમતાના પરિણામે માઈલેજ ઓછું થાય છે, છતાં તેની કિંમત નિયમિત પેટ્રોલ કરતાં ઓછી કે ઓછી કરવામાં આવી રહી નથી. આનાથી સામાન્ય માણસ અને મધ્યમ વર્ગને બેવડી તકલીફ પડી રહી છે. વાહનોના ખર્ચમાં વધારો થઈ રહ્યો છે, જ્યારે ઈંધણનો ખર્ચ પણ વધી રહ્યો છે.

છેલ્લા કેટલાક દિવસોમાં, પેટ્રોલ પંપ અને સર્વિસ સ્ટેશનો પર લોકો સાથે વાતચીત કરતી વખતે, મોટી સંખ્યામાં વાહન માલિકોએ માઇલેજમાં ઘટાડો, ઈંધણ પંપ, ઇન્જેક્ટર અને એન્જિનમાં સમસ્યાઓની ફરિયાદ કરી હતી. ઘણા લોકોએ કહ્યું કે વાહન સેવા અને સમારકામનો ખર્ચ ભૂતકાળની તુલનામાં નોંધપાત્ર રીતે વધ્યો છે. કેજરીવાલે કહ્યું કે જો સરકારે E20 લાગુ કરવું જ હોય, તો તેણે ઓછામાં ઓછું લોકોને શુદ્ધ પેટ્રોલ અને E20 બંનેનો વિકલ્પ આપવો જોઈએ, અને E20 ની કિંમત ઘટાડવી જોઈએ. તેમણે આરોપ લગાવ્યો કે સરકાર જનતાની ચિંતાઓને અવગણી રહી છે અને તેમનો અવાજ દબાવવાનો પ્રયાસ કરી રહી છે.

તેમણે દેશભરના લોકોને જ્ઞtopE20petrol.com ની મુલાકાત લઈને ""Stop E20 Petrol"" ઝુંબેશ પર હસ્તાક્ષર કરવા અને સરકાર કોઈપણ તૈયારી વિના E20 પેટ્રોલ લાદવાનું બંધ કરે, લોકોને વિકલ્પો પૂરા પાડે અને તેમની ચિંતાઓનું સન્માન કરે તેવી માંગણી કરી.

# ભારતીય નાવિકના મોત પર MEAની કડક કાર્યવાહી



નવીદિલ્હી, તા. ૧૪

ઈરાની હુમલામાં એક ભારતીય નાવિકના મોતનો મામલો વધુ વકર્યો છે. મંગળવારે ભારતે ઈરાની ડેપ્યુટી ચીફ ઓફ મિશન મોહમ્મદ જાવદ હોસેનીને સમન્સ પાઠવીને જવાબ માંગ્યો. ઈરાની અધિકારીઓને વિદેશ મંત્રાલયમાં સમન્સ પાઠવવામાં આવ્યા છે. ઈરાને હોર્મુઝમાં બે યુએઈ ઓઈલ ટેન્કર પર હુમલો કર્યો. એક ભારતીય ક્રૂ મેમ્બરનું મોત થયું અને ઘણા લોકો ઘાયલ થયા. યુએઈ સંરક્ષણ મંત્રાલયે એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે મોમ્બાસા અને અલ બાહિયાહ ટેન્કર ઓમાનના અખાત અને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમના પર ઈરાની મિસાઈલો દ્વારા હુમલો કરવામાં આવ્યો. મોમ્બાસામાં સવાર એક ભારતીય ક્રૂ મેમ્બરનું મોત થયું અને આઠ અન્ય ઘાયલ થયા. યુએઈ સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઘાયલોમાંથી ચારની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે.

યુએઈ સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે હુમલાને કારણે બંને ટેન્કરમાં આગ લાગી હતી, જેના કારણે તેમને નુકસાન થયું હતું. જોકે, આગને બાદમાં કાબુમાં લેવામાં આવી હતી. યુએઈ તેમજ ભારતે આ ઘટનાની સખત નિંદા કરી હતી અને તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. ભારતે કડક વલણ અપનાવ્યું છે અને નવી દિલ્હીમાં ઈરાનના ડેપ્યુટી ચીફ ઓફ મિશનને સમન્સ પાઠવીને સત્તાવાર રીતે પોતાનો વિરોધ નોંધાવ્યો છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષમાં ૧૧ ભારતીય નાગરિકોના જીવ ગયા છે. આ સંઘર્ષ દરમિયાન જહાજો અને ટેન્કરો પર થયેલા હુમલાઓમાંથી ઘણા ખલાસીઓને પણ બચાવી લેવામાં આવ્યા છે. ગયા મહિને ત્રણ ભારતીય ખલાસીઓ માર્યા ગયા હતા. પલાઉ-ધ્વજવાળા ટેન્કર એમટી સેટેબેલો પર યુએસ હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓ માર્યા ગયા હતા. અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર યુદ્ધ ફાટી નીકળ્યું છે. અમેરિકાએ મંગળવારે સવારે ઈરાન પર શ્રેણીબદ્ધ હુમલાઓ શરૂ કર્યા હતા. જવાબમાં ઈરાને બહેરીન, જોર્ડન અને યુએઈના બે ટેન્કરોને નિશાન બનાવ્યા હતા. અગાઉ, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે વોશિંગ્ટન હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાન પર ફરીથી નાકાબંધી લાદી રહ્યું છે. ઈરાની હુમલામાં એક ભારતીય ખલાસીના મોતથી પરિસ્થિતિ વધુ વણસી ગઈ છે. મંગળવારે, ભારતે ઈરાની ડેપ્યુટી ચીફ ઓફ મિશન મોહમ્મદ જાવદ હોસેનીને બોલાવીને સ્પષ્ટતા માંગી હતી. આ હુમલામાં એક ભારતીયનું મોત થયું હતું અને છ અન્ય ઘાયલ થયા હતા.

**ઈરાની ડેપ્યુટી ચીફ ઓફ મિશનને સરકારે સમન્સ પાઠવ્યું**

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# મૃત્યુ! વેદના કે વ્હાલ?

## સુબોધ ભાઈ સાવ આમ જ વિદાય લેશે! એવો તો સ્વપનીલ ને સ્વપનેય ખ્યાલ નહોતો!



હમણાં પરિવારમાં પિતા સમાન અંગત સ્વજનનું મૃત્યુ થયું! અને વળી જન્મ યુવાની, ગૃહસ્થી, પ્રોઢા, વૃદ્ધ અને અરસપરસ એનાં દરેક સમયનાં મુકામે મોહ, માયા, મમતાની વૃદ્ધિ કરતાં સંસારનું ચક્રવ્યૂહ! અને એમાં પરિવારનો રોલ! આ બધું જ એક ચિત્રપટ જેમ નજર આગળથી પસાર થયુ, કારણ કે આટલાં મોટાં કુટુંબમાં પરણીને આવે ૩૭ વર્ષ ઉપર પૂરાં થયાં, એટલે સારાં માઠાં પ્રસંગે ભેગાં થવું, સૌની પસંદ નાપસંદ, આ બધું જ જાણતાં હોઈએ! અને એ મુજબ આમન્યાથી જીવ્યાં હોઈએ! પણ દેહ વિલય પછીનો એ ઉદ્વેગ વગરનો અને શાંત ચહેરો, જીવ ને એક ચિંતન કરાવી ગયો!: કે મૃત્યુ! વેદના કે વ્હાલ? ઉંમરનાં અમુક મુકામ પછી શરીરની કષ્ટીઓ પણ સ્વાભાવિક હોય, અને ત્યારે આમ લાંબી માંદગીની પીડા વગર રમત રમતમાં દેહ છોડી દેવો! એ ખરેખર એક કળા છે. આપણે ત્યાં ''મૃત્યુને વહાલું કર્યું'' એવું બોલવામાં પણ આવે છે, અને ખરેખર એ જ રીતે એકદમ સ્વસ્થતાથી આત્મા સરકી ગયો! ગીતાનાં કથન મુજબ જીજીવિષા નાં અંત વગરનું મૃત્યુ એ ચોક્કસ વેદના હશે! પણ જીજીવિષા છૂટે તો વ્હાલ! મહાભારતમાં કહ્યું છે કે, મૃત્યુ એક સુંદર સ્ત્રીનો શણગાર સજીને આવે છે, અને એટલે મરનાર પરિવારની મોહ માયા માંથી છૂટી શકે છે. તો મૃત્યુ પામનારા જીવ અને જે પરિવાર જનોની અંદરોઅંદરની લાગણીનો એક કિસ્સો આજે બુધવારની બોધકથામાં..

સ્વપનીલ એ ફળિયામાં ગાડી પાર્ક કરી, અને બંગલો તરફ નજર કરી, તો આજે અંધારું ઘોર હતું! એને આશ્ચર્ય થયું, કારણ કે પપ્પાનો રોજનો નિયમ હતો, કે પોતે આવી એને મોઢું દેખાડે, જય હાટકેશ કરે ! આખાં દિવસનો રિપોર્ટ આપે, એ પણ પોતે શું કર્યું! કોનાં ફોન આવ્યા! કોને ફોન કર્યો! રામુકાકા અને ગોમતીની કથની પણ કહે. એટલે એને સહેજ ફડકો પડ્યો! એણે બારણાને ધક્કો માર્યો, અને એ ખુલી ગયું! એ ઝડપથી પપ્પાનાં રુમ તરફ ગયો! લાઈટ બંધ હતી, અને એના પપ્પા એટલે કે સુબોધ ભાઈ આરામ ખુરશીમાં બેઠાં બેઠાં જ સૂઈ ગયાં હોય એમ લાગ્યું, એમની છાતી સાથે મમ્મીનો એટલે કે સુહાસિની બેનનો ફોટો જોડાયેલો હતો, અને એવું લાગતુ હતું કે એમની સાથે વાત કરતાં કરતાં જ એને નીંદર આવી ગઈ હશે!: ખુરશી ધીરેધીરે ઝૂલી રહી હતી, એટલે બીજું કોઈ વિચાર્યા વગર એનાં માથે હાથ ફેરવીને જતાં રહેવાં વિચાર્યું, પણ થયું જાગી જશે! અને એણે પાછા પગ કર્યાં, ત્યાં એનાં કાને, આવી ગયો બેટા! હું તારી જ રાહ જોતો હતો, અને સ્વપનીલનો હાથ પકડી સામેની ખુરશીમાં બેસાડી દીધો! અને કહ્યું બેટા હું જાઉં હવે! સ્વપનીલ જોઈ રહ્યો હતો કે પપ્પા આજે કંઈક જુદાં લાગે છે. એણે પોતાની વાતને આગળ દોહરાવતા કહ્યું કે બેટા તારી મમ્મી પચ્ચીસ વર્ષથી મારી રાહ જુવે છે! મેં એને દીધેલું વચન પાળ્યું! તને અને સંસ્કૃતિને ઉછેર્યાં ભણાવ્યાં! યોગ્ય બનાવ્યાં! કેરિયર સેટ કર્યું! સંસ્કૃતિનાં લગ્ન કરાવ્યાં! પણ હવે બસ! આ શરીર તંદુરસ્ત છે ત્યાં જ .... અને પપ્પા એ પકડેલો હાથ છૂટી ગયો અને આંખો બંધ! સ્વપનીલ પપ્પા.. પપ્પા.. પપ્પા.. કરતો રહ્યો પણ એણે અનંતની વાટ પકડી લીધી હતી.

સ્વપનીલને ખ્યાલ આવી ગયો કે પપ્પા હવે નથી રહ્યાં! પણ શું કરવું એ કંઈ જ સુઝતું નહોતું! એણે આરામ ખુરશી માંથી એમને ઉંચકીને બેડ પર સુવાડ્યાં, અને બિલકુલ પપ્પા એને માથે હાથ ફેરવીને સુવડાવતા એમ હાથ ફેરવવા લાગ્યો! મમ્મી ગુજરી ગઈ, ત્યારે પોતે પાંચ વર્ષનો હતો અને સંસ્કૃતિનો તો હજી જન્મ જ થયો હતો! એટલે એમ કહોને મમ્મી સાથેની યાદો તો સાવ ધૂંધળી ધૂંધળી જ હતી! પણ એની તો આખી જીંદગીમાં પપ્પા પપ્પા ને પપ્પા જ હતાં. નોકરી ઘર અને બે બાળકો બધું પપ્પા કેમ મેનેજ કરતા હશે? કેટલાં બધાં સંઘર્ષો કર્યાં! ઉપરાંત બધાને મમ્મી છે, અને મારે કેમ નહીં! જેવાં બાલ સહજ પ્રશ્નોનાં જવાબ પણ આપવાનાં. ત્યારે તો ઘર પણ સાવ નાનકડું હતું, અને માસી મામા ફૈબા આવે તો કેટલીય ભેટ લાવતા અને અંદરોઅંદર વાતો કરતાં કે પપ્પાનો પગાર પણ સાવ ઓછો છે, આ મોંઘવારીમાં બેયના ભણતરનો ખર્ચ ક્યાંથી પોષાય! પણ પપ્પા એ એવું ક્યારેય વર્તાવા દીધું નહીં, અને સંસ્કૃતિ તો દીકરી એટલે કપડાં ઉપરાંત સેન્ડલ, બોરીયા, બકકલ, માળા, બંગડી, બધું જ... પપ્પા પપ્પા તમે કેમ જતાં રહ્યાં, તમારી માટે તો મેં આ બંગલો લીધો, અને હજી બે મહિના થયાં ત્યાં..

મોટેભાગે દરેક સંતાનને હોય એમ સ્વપનીલને પણ એનાં પપ્પાને બધું જ સુખ આપવું હતું! પણ એનો કોઠો જાણે સંઘર્ષનો હોય એમ નિરાંત ના દિવસો આવ્યાં ત્યાં ચાલ્યા ગયાં! સ્વપનીલ વિચારતો હતો, કે પપ્પાને એવી કોઈ બિમારી પણ નહોતી, અને એટલાં વૃદ્ધ પણ નહોતાં! હાં અસ્થમાની તકલીફ હતી.

એકાએક એને યાદ આવ્યું કે પપ્પા આજે સવારે ડોક્ટર પાસે ગયાં હતાં! પોતે જ લઈ જતો પણ આ વખતે જરુરી મિટિંગ હતી, એટલે એમને એકલાં જવું પડ્યું! જોકે એમણે એકદમ આત્મ વિશ્વાસથી કહ્યું હતું કે, એમાં શું, ગાડી નહીં ચલાવું, પણ ડ્રાઈવર સાથે તો જઈ જ શકાય ને! સ્વપનીલ તરત ઉભો થયો અને પપ્પાનાં કબાટમાંથી ડોક્ટરની ફાઈલ કાઢી! એણે જોયું કે કબાટ આજે જ ગોઠવેલ છે! કેટલું વ્યવસ્થિત! સ્વપનીલ એ ફાઈલ ખોલી અને જોયું તો આમ તો દર મહિને લેતાં એ જ ગોળી ને પંપ હતાં, પણ ગયાં અઠવાડિયે જ એમણે એક ટેસ્ટ લખ્યો હતો! પણ પપ્પા તો ગયા નહોતાં, કે પછી મને કહ્યું નહોતું! એણે વધુ ઝીણવટભરી તપાસ કરી તો એ ટેસ્ટ ફેફસાંની કેપેસિટીનો હતો અને પપ્પાનાં બંને ફેફસાં ખાસ્સાં નબળા પડી ગયાં હતાં! પપ્પા ગયા અઠવાડિયે ગયાં હતાં કે ફોન કર્યો હતો? એ ચેક કરવાં એણે પપ્પાનો ફોન લીધો, અને ચેક કર્યું તો ફોન જ કર્યો હતો, અને એનું રેકોર્ડિંગ પણ હતું! જેમાં એ ડોક્ટરને કહેતાં હતાં, હવે શરીરને ખોટું કોઈ કષ્ટ દેવું નથી! બધી જવાબદારી પૂરી થઈ ગઈ છે, ભલે આવતું મૃત્યુ હું તૈયાર છું! એને પણ કોઈ વીર આવ્યો છે! એવી ફિલીંગ થવી જોઈએ ને.. અને પછી હસ્યા. પપ્પા તમે કંઈ બોલ્યાં કેમ નહીં? એને યાદ આવ્યું કે પોતે જઈ શક્યો નથી, એટલે એણે ફોન કર્યો હતો, કે પહોંચી ગયાં? અને પપ્પા ફોન કાપવો ભૂલી ગયાં હશે, એટલે એ રેકોર્ડિંગ પણ સાંભળ્યું, સુબોધ ભાઈ તમે સ્વપનીલ સાથે વાત તો કરો ! હજી ટ્રીટમેન્ટ થાય એમ છે! અને એમણે કહ્યું કે ના હવે મારે કોઈ ટ્રીટમેન્ટ કરવી નથી, સુહાસિની એ બહુ રાહ જોઈ.... સ્વપનીલ એ સંસ્કૃતિને ફોન લગાડ્યો અને કહ્યું નાનકી પપ્પા એ.. આપણને વેદના આપી મૃત્યુ ને વહાલું કર્યું!... અને પોકે પોકે રડવા લાગ્યો..

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### પારકા દેશમાં સ્થાયી થઇ કમાણી કરવાના સપનાઓ જોનારા વધુ અનેક છેતરાયા

# વર્ક પરમિટ લેવા જતાં સવા કરોડનો લાગ્યો ચુનો

## કન્સલટન્સી ખોલનાર પ્રીતિએ યુવાનોને લલચાવી ત્રેવીસ-ત્રેવીસ લાખમાં કેનેડાના વિઝા અપાવી દેવાના નામે ફ્રોડ આચર્યુઃ રાતોરાત નાણા ઉસેડી ઓફિસ બંધ કરી ભાગી ગઇ

રાજકોટ,તા.૧૪

વર્ક પરમીટ વિઝાના નામે રાજ્યમાં રોજબરોજ કોઇને કોઇ ગઠીયા લેભાગુ કહેવાતા એજન્ટોનો ભોગ બની જાય છે અને લાખો કરોડો ગુમાવી દે છે. અમુક તો લોન લઇને મકાન કે દાગીના ગિરવે મુકીને વિદેશ જવા માટે પ્રયાસ કરતાં હોય છે. આવા લોકો લેભાગુ ગઠીયાઓનો શિકાર બનતા હોય છે. દરમિયાન વધુ એક આવુ કારસ્તાના સામે આવ્યું છે જેમાં કન્સલ્ટન્સી ચલાવતી યુવતિ કેનેડાના વર્ક પરમીટ વિઝા અપાવવાના નામે એક કરોડ સાડત્રીસ લાખ ખાઇ ગઇ હતી. અનેક યુવાનો છેતરાઇ જતાં પોલીસ પાસે દોડી જતાં પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.




સતત એવા કિસ્સા પોલીસ સુધી પહોંચે છે જેમાં વિદેશમાં સ્થાયી થવા માટે વર્ક પરમીટ વિઝા મેળવવાના સપના જોતાં યુવાનો ફ્રોડનો ભોગ બને છે. દરમિયાન હિંમતનગરમાં કેનેડાના વર્ક વિઝા અપાવવાના બહાને એક કરોડ સાડત્રીસ લાખની છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો હતો. પ્રીતિ વ્યાસ નામની યુવતીએ કન્સલ્ટન્સી ચલાવી અનેક યુવાનોને છેતર્યા હતા. ત્રેવીસ લાખ આપી કેનેડા જવાની લાલચમાં એક યુવકે ફરિયાદ નોંધાવતા અન્ય ભોગ બનનારાઓ પણ સામે આવ્યા હતાં. પોલીસે ગુનો નોંધી ફરાર થઇ ગયેલી પ્રીતિ વ્યાસને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

વધુ વિતગો જોઇએ તો ગુજરાતમાં વિદેશ જવા ઇચ્છુક યુવાનોને નિશાન બનાવી લાખો-કરોડો રૂપિયા પડાવતી બોગસ વિઝા એજન્સીઓનો આતંક યથાવત છે. સાબરકાંઠાના હિંમતનગરમાં કેનેડાના વર્ક વિઝા અપાવવાના બહાને કરોડો રૂપિયાની છેતરપિંડીનો વધુ એક ચોંકાવનારો મામલો સામે આવ્યો હતો. અહીં વિઝા કન્સલ્ટન્સી ઇન્સ્ટિટ્યૂટ ચલાવતી પ્રિતી વ્યાસ નામની યુવતી સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાતા જ તે રાતોરાત ફરાર થઈ ગઈ હતી. પોલીસે ગુનો નોંધી આરોપી યુવતીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

પોલીસ સુત્રોએ જણાવ્યું કે હિંમતનગરના એક સ્થાનિક યુવકને કેનેડા મોકલવાનું સપનું બતાવીને આ સમગ્ર ઠગાઈ આચરવામાં આવી હતી. આરોપી પ્રિતી વ્યાસે કેનેડાના વર્ક વિઝા અપાવવાની પાકી ખાતરી આપી યુવક પાસેથી કુલ ૨૩ લાખ રૂપિયા પડાવ્યા હતા. સમય વીતી જવા છતાં ન તો વિઝા મળ્યા કે ન કેનેડા જવાની કોઈ પ્રક્રિયા આગળ વધી હતી. યુવકે વારંવાર પોતાના રૂપિયાની ઉઘરાણી કરતા આરોપીએ માંડ ચારલાખ રૂપિયા પરત આપ્યા હતા. જ્યારે બાકીના ઓગણીસ લાખ રૂપિયા આપવા આનાકાની કરી હતી.

આખરે ભોગ બનનાર યુવકે હિંમતનગર પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા હતા. પોલીસે જ્યારે આ મામલે પ્રાથમિક તપાસ શરૂ કરી ત્યારે કન્સલ્ટન્સીના નામે અન્ય લોકોને પણ શિકાર બનાવવામાં આવ્યા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. એક પછી એક અન્ય ભોગ બનનારા લોકો પણ પોલીસ સમક્ષ આવ્યા હતા. જેના કારણે છેતરપિંડીનો કુલ આંકડો એક કરોડ સાડત્રીસ લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. આટલી મોટી રકમની છેતરપિંડીની ફરિયાદ સત્તાવાર રીતે દાખલ થતાં જ આરોપી પ્રિતી વ્યાસ પોલીસની પકડથી બચવા માટે ભૂગર્ભમાં ઉતરી ગઈ હતી.

આ પ્રકારના બનાવો સતત બને છે ત્યારે વિદેશ મોકલવાના બહાને આચરવામાં આવતી આવી કરોડોની છેતરપિંડીના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. વિદેશ જવા ઇચ્છુક નાગરિકોએ કોઈપણ એજન્સી કે સંસ્થામાં પોતાની કચેરીની મહેનતના રૂપિયા જમા કરાવતા પહેલાં તેની માન્યતા, લાયસન્સ અને વિશ્વસનીયતાની સંપૂર્ણ ચકાસણીકરી લેવી અત્યંત જરૂરી બની ગઈ છે. હિંમતનગર પોલીસે આ કરોડોની ઠગાઈના કેસને અત્યંત ગંભીરતાથી લીધો છે. ફરાર થઈ ગયેલી આરોપી ‌િતી વ્યાસની ધરપકડ કરવા માટે પોલીસની અલગ-અલગ ટીમો બનાવીને દરોડા શરૂ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, આ કન્સલ્ટન્સી દ્વારા હજુ કેટલા લોકો ઠગાયા છે તે દિશામાં પણ પોલીસે ડાણપુર્વક તપાસ શરૂ થઇ હતી.

# પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ માટે કાઉન્ટડાઉન શરૂ

**કમલમથમાં શિસ્ત સમિતિની બેઠક બાદ ભાજપ નેતાઓના જીવ અધ્ધર!**

રાજકોટ, તા. ૧૪

ગુજરાત ભાજપમાં ફરી એકવાર શિસ્તના મામલે આકરા પ્રહારો કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પક્ષના સત્તાવાર આદેશોનું ઉલ્લંઘન કરી પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થયેલા નેતાઓ અને કાર્યકર્તાઓ સામે હાઈકમાન્ડ હવે સખત કાર્યવાહી કરવાના મૂડમાં છે. આ મામલે ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ કાર્યાલય પશ્રી કમલમથ ખાતે શિસ્ત સમિતિની એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક મળી હતી, જેમાં શિસ્તભંગ કરનારાઓ વિરુદ્ધ કડક શિક્ષાત્મક પગલાં લેવા માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર, આ મહત્વપૂર્ણ બેઠકનો મુખ્ય હેતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ દરમિયાન પક્ષના સત્તાવાર ઉમેદવારોને હરાવવા અથવા તેમની વિરુદ્ધ કામ કરનારા આંતરિક તત્વો સામે આવેલી ફરિયાદોની તપાસ કરવાનો હતો. આ સુનાવણી દરમિયાન શિસ્ત સમિતિ સમક્ષ પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા નેતાઓ અને તેમની સામે ફરિયાદ કરનારા ફરિયાદીઓ-એમ બંને પક્ષોને રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા.

સમિતિ દ્વારા વાદી અને પ્રતિવાદી બંને પક્ષોની દલીલોને વિગતવાર સાંભળવામાં આવી હતી. કમલમ ખાતે હાજર રહેલા શંકાસ્પદ નેતાઓ પાસેથી તેમની શંકાસ્પદ કામગીરી અંગે ખુલાસા માંગવામાં આવ્યા હતા, જ્યારે ફરિયાદીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા ઓડિયો, વીડિયો કે અન્ય પુરાવાઓની પણ ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, હવે શિસ્ત સમિતિ દ્વારા આ સુનાવણીના આધારે એક વિસ્તૃત અને ગુપ્ત રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ રિપોર્ટમાં કયા સ્તરના નેતા કે કાર્યકર્તાએ કયા પ્રકારની પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી છે, કોને મદદ કરી છે અને તેના કારણે પક્ષને કઈ બેઠકો પર કેટલું નુકસાન વેઠવું પડ્યું છે, તેની તમામ વિગતો પુરાવા સાથે આવરી લેવામાં આવશે. સમિતિ દ્વારા તૈયાર કરાયેલો આ અંતિમ રિપોર્ટ ટૂંક સમયમાં જ ભાજપના પ્રદેશ પ્રમુખને સોંપવામાં આવશે.

સૂત્રોનું માનીએ તો, આ રિપોર્ટના તારણોના આધારે આગામી દિવસોમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારા કેટલાક મોટા માથાઓ અને હોદ્દેદારો સામે સસ્પેન્શન સહિતના કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવી શકે છે. ભાજપ આ આકરા નિર્ણયો દ્વારા પક્ષના નાનામાં નાના કાર્યકર્તાથી લઈને મોટા નેતાઓ સુધી એવો સ્પષ્ટ સંકેત આપવા માંગે છે કે પક્ષમાં શિસ્તભંગ ચલાવી લેવામાં આવશે નહીં. હવે જોવાનું એ રહેશે કે આગામી દિવસોમાં શિસ્ત સમિતિના આ રિપોર્ટના આધારે કયા-કયા જાણીતા ચહેરાઓ સામે પક્ષનું આકરું બુલડોઝર ફરે છે. મળતી માહિતી મુજબ, ગાંધીનગર સ્થિત કમલમ ખાતે શિસ્ત સમિતિની આ બેઠક અત્યંત ગુપ્ત અને ચુસ્ત માહોલમાં યોજાઈ હતી. આ બેઠકમાં એવા તમામ નેતાઓની યાદી તૈયાર કરવામાં આવી છે, જેમના પર પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરવાનો ગંભીર આરોપ છે. પક્ષના હિત વિરુદ્ધ જઈને કામ કરનારા કેટલાય મોટા માથાઓના જીવ હવે અધ્ધર થઈ ગયા છે, કારણ કે હાઈકમાન્ડ આ વખતે લાલ આંખ કરવાના મૂડમાં છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, શિસ્ત સમિતિ સમક્ષ રજૂ થયેલા ખુલાસાઓથી જો સંતોષ નહીં થાય, તો આગામી દિવસોમાં મોટા નિર્ણયો લેવાઈ શકે છે. પક્ષમાંથી સસ્પેન્શન (નિલંબન), હોદ્દા પરથી હકાલપટ્ટી અથવા પક્ષના પ્રાથમિક સભ્યપદેથી કાયમ માટે દૂર કરવા સુધીના આકરા પગલાં લેવાની તૈયારીઓ ચાલી રહી છે.

# મવડીમાં ૧૫૦ કરોડની જમીન પરથી દબાણો હટાવાયા

**કોર્ટમાં ગયા પણ સ્ટે ન મળ્યોઃ તંત્ર સામે બાંયો ચડાવનારા દબાણકારો નાકામ**




રાજકોટ, તા. ૧૪

રાજકોટ મહાનગરપાલિકાની વેસ્ટ ઝોન ટીપી (ટાઉન પ્લાનિંગ) શાખા દ્વારા આજે એક મોટી અને સપાટો બોલાવતી કામગીરી કરવામાં આવી છે. મવડી વિસ્તારમાં આવેલી ટીપી સ્કીમ નં. ૨૧ (ફાઇનલ) હેઠળ ૧૫૦ ફુટ રિંગ રોડ પર ઉમિયા ચોક નજીક કરોડો રૂપિયાની કિંમતી સરકારી જમીન ખુલ્લી કરાવવા માટે વહીવટી તંત્ર દ્વારા વહેલી સવારથી જ ડિમોલીશનની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઓપરેશન દરમિયાન અંદાજીત રૂા. ૧૫૦ કરોડની બજાર કિંમત ધરાવતા પાંચ કોમર્શિયલ પ્લોટનો કબ્જો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મેળવી લેવામાં આવ્યો છે.

મવડીની આ કિંમતી જમીન પર વર્ષોથી ગેરકાયદેસર રીતે કાર મેળા અને ગેરેજ ધમધમતા હતા. આ વિશાળ પ્લોટ ઉપરાંત મુખ્ય રોડ પર પણ વાહનો ખડકી દઈને મોટાપાયે દબાણ કરવામાં આવ્યું હતું. મનપાની ટીપી શાખાએ જ્યારે આ જગ્યાઓ ખાલી કરવા અને કબ્જો સોંપવા માટે કાયદેસરની નોટિસ ફટકારી, ત્યારે દબાણકારોએ સરકારી જમીન ખાલી કરવાના બદલે ઉલટાનું કોર્પોરેશન સામે જ કોર્ટના દ્વાર ખખડાવવાની હિંમત દાખવી હતી. જોકે, અદાલતે સરકારી જમીનના ગેરકાયદે કબ્જાને લગતી આ બાબતમાં અરજદારોને કોઈ પણ પ્રકારનો સ્ટે આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો અને તેમની અરજી કાઢી નાખી હતી. અદાલતી લીલીઝંડી મળ્યા બાદ કોર્પોરેશન દ્વારા ગઈકાલે આસામીઓને પ્લોટ ખાલી કરી દેવા માટે આખરી અલ્ટીમેટમ (અંતિમ સૂચના) આપવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા થોડા સમય પહેલા જ મવડીની ટીપી સ્કીમ નં. ૨૧ને ફાઇનલ મંજૂરી આપવામાં આવી છે, જેના પગલે મનપાએ આ સ્કીમ હેઠળના જુદા જુદા પ્લોટોનો કબ્જો લેવાની તબક્કાવાર પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ૧૫૦ ફુટ મેઈન રોડ પર, ઉમિયા ચોક પાસે આવેલી ફોર્ચ્યુન હોટલની સામેના ભાગમાં મનપાને અનામત રાખેલા કુલ પાંચ કોમર્શિયલ પ્લોટ મળ્યા છે. પાંચેય પ્લોટ મળીને કુલ ૧૦,૦૦૦ ચોરસ મીટર જેટલી વિશાળ જગ્યાને દબાણમુક્ત કરવામાં આવી છે. મેઈન રોડ ટચ આવેલા આ તમામ પ્લોટ કોમર્શિયલ હેતુના હોવાથી ભવિષ્યમાં મનપા આ પ્લોટોનું વેચાણ કરીને કરોડો રૂપિયાની જંગી આવક ઊભી કરી શકશે.

હાલ પૂરતો આ તમામ પ્લોટ પર મનપા ફેન્સિંગ લગાવીને પોતાની માલિકીના બોર્ડ મારી જગ્યા સુરક્ષિત કરશે. આ સમગ્ર ડિમોલીશન ઓપરેશન કોઈ પણ પ્રકારના વિરોધ વિના શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું. આ સફળ કામગીરીની બીજી તરફ મનપાની શંકાસ્પદ નીતિ પણ ચર્ચાનો વિષય બની છે. વેસ્ટ ઝોન ટીપી શાખાએ ભૂતકાળની પરંપરાથી વિપરીત જઈને આ ડિમોલીશનની વિગતો પ્રજાજોગ કે પ્રજાએ ચૂંટેલા જનપ્રતિનિધિઓ સમક્ષ સત્તાવાર રીતે જાહેર કરી ન હતી. ભૂતકાળમાં જ્યારે પણ કોઈ નાના કે મોટા પ્લોટમાંથી દબાણ હટાવવામાં આવતું, ત્યારે ટીપી શાખા મનપાના પીઆરઓ (જ્હ્ય) મારફત મીડિયા અને જનતાને તુરંત સત્તાવાર માહિતી આપતી હતી.

પરંતુ, વર્તમાન સમયમાં રાજકોટ મનપામાં એકબાજુ પારદર્શક વહીવટના મોટા-મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજીબાજુ સરકારી વિભાગો દ્વારા જનહિતમાં કરવામાં આવતી આવી મોટી કામગીરીને જાહેર કરવાને બદલે ભેદી રીતે ગુપ્ત રાખવાની આ નવી નકારાત્મક પ્રથા શરૂ થતાં અનેક તર્ક-વિતર્કો સર્જાયા છે.

# અષાઢી બીજમાં મુખ્ય સહિત પાંચ રથયાત્રા રાજકોટમાં નીકળશેઃ ૧૮૦૦નો બંદોબસ્ત

રાજકોટ,તા.૧૪

શહેરમાં આવતી કાલે સોળમીએ અષાઢી બીજ નિમીતે ભગવાન જગન્નાથજીની મુખ્ય રથયાત્રા સહિત પાંચ શોભાયાત્રા નીકળનારી હોઇ શહેર પોલીસે આ અંતર્ગત ચાંપતા બંદોબસ્તની વ્યવસ્થા કરી છે. આવતી કાલે ૧૬મીએ અષાઢી બીજના પવિત્ર પર્વ નિમિત્તે રાજકોટ શહેરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા અને શોભાયાત્રાઓ યોજાનાર છે. આ ઉત્સવ શાંતિપૂર્ણ અને ભક્તિસભર વાતાવરણમાં સંપન્ન થાય તે માટે રાજકોટ પોલીસ દ્વારા ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા અને લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બંદોબસ્ત અંગેની માહિતી આપતાં ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે આ વર્ષે અષાઢી બીજના દિવસે રાજકોટ શહેરમાં નાની-મોટી મળીને કુલ પાંચ શોભાયાત્રા અને રથયાત્રાઓ નીકળવાની છે. આ તમામ યાત્રાઓના રૂટ પર કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા અને જોઇન્ટ પોલીસ કમિશનર ચૈતન્ય મંડલિકના માર્ગદર્શન હેઠળ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. રથયાત્રા દરમિયાન સુરક્ષા વ્યવસ્થા જાળવવા માટે વિશાળ સંખ્યામાં પોલીસ કાફલો મેદાને ઉતારવામાં આવ્યો છે. ઉચ્ચ અધિકારીઓની રાહબરીમાં ૪ ડીસીપી, ૬ એસીપી, ૨૩ પીઆઇ, ૯૯ પીએસઆઇ અને ૯૦૦ પોલીસ કર્મચારીઓ મળી ૧૮૦૦નો કાફલો રથયાત્રાઓના રૂટ પર સીધું સુપરવિઝન કરશે.

ગૃહ રક્ષક દળ અને અન્ય સુરક્ષા બળામાં હોમગાર્ડ્સ, જીઆરડીના જવાનો પણ સામેલ છે. રથયાત્રાના સમગ્ર રૂટ પર ત્રીજી આંખ એટલે કે સીસીટીવી કેમેરા દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવશે. કોઈપણ પ્રકારની અફવાઓ કે ઉશ્કેરણીજનક પોસ્ટ ન ફેલાય તે માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પોલીસની સાયબર ટીમ દ્વારા વિશેષ નજર રાખવામાં આવી રહી છે. અસામાજિક તત્વો અને ટ્રબલ મેકર્સ-મુશ્કેલી ઉભી કરનારાઓ વિરૂધ્ધ અટકાયતી પગલાં સહિતની કડક કાયદાકીય કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. ક્રાઇમ બ્રાન્ચ અને એસઓજીની ટીમો પણ કોઈપણ પ્રકારની શંકાસ્પદ ગતિવિધિ પર નજર રાખવા માટે સક્રિય રહેશે. રાજકોટ પોલીસ દ્વારા તમામ નાગરિકોને શાંતિ, એકતા અને સૌહાર્દપુર્ણ વાતાવરણમાં રથયાત્રા શોભાયાત્રા નીકળશે. તેમ વધુમાં ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું.

**પોલીસ કમિશનર, જોઇન્ટ પોલીસ કમિશનરની રાહબરીમાં ડીસીપી, એસીપી, પીઆઇ સહિતનો કાફલો રૂટ પર સતત રાખશે બાજનજર**

### સહન શક્તિનો અભાવ કે પછી આકરો સ્વભાવઃ સરાજાહેર બાકાઝીકીની વધુ એક ઘટના

# દંપતિને ધોકાથી ધોકાવી કહ્યું, સામુ જોશો તો મારી નાંખશું

## બેડીપરા શ્રમજીવી સોસાયટીમાં ગેરેજ સંચાલક અને તેના પત્નિ પર બે ભાઈઓની ધોકાવાળીઃ થોરાળા પોલીસે દાખલ કરી ફરિયાદ

રાજકોટ,તા.૧૪

શાંત શહેરમાં જેની ગણના થાય છે એ રાજકોટ શહેરમાં લોકો સહન શક્તિના અભાવને કારણે કે પછી ગમે તે કારણોસર નહિ જેવી વાતે રોષે ભરાઇ જઇ સરાજાહેર બાકાઝીકી બોલાવી દેતાં હોવાની ઘટના રોજીંદી થઇ ચુકી છે. વાહન સામે આવી જવા મામલે વોર્ડનને ત્રણ જણાએ લોહીલુહાણ કરી કારમાં ભાગી ગયાની ઘટના તાજી જ જ છે ત્યાં આવી જ બીજી એક ઘટનામાં એક ગેરેજ સંચાલકે પોતાની નજીકથી કાવો મારીને નીકળેલા યુવાનને ધ્યાન રાખીને વાહન હંકારવાનું કહેતાં આ યુવાન ઉશ્કેરાઇ ગયો હતો અને પોતાના ભાઇને બોલાવી ધોકાવાળી કરી નાંખી હતી. આ ગેરેજ સંચાલકને બચાવવા તેના પત્નિ વચ્ચે પડતાં તેમને પણ બંનેએ ફટકાર્યા હતાં. એટલુ જ નહિ હવે પછી જો અમારી સામે જોયુ છે તો જીવતા મારી નાંખશું તેવી ધમકી આપી રીતસર દાદાગીરી આચરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ શહેરના ભાવનગર રોડ પર બેડીપરા શ્રમજીવી સોસાયટીમાં બન્યો હતો. વાહન ધીમે હંકારવા મામલે બોલાચાલી બાદ યુવાન પર ધોકાથી હુમલો કરાયો હતો. આ વખતે પત્નિ વચ્ચે પડતાં તેને પણ ધોકા ફટકારી હાથમાં ઇજા પહોંચાડી હતી. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે બેડીપરા શ્રમજીવી સોસાયટી-૩ રામજી મંદિર પાસે રાવણ ચોકમાં રહેતાં ત્રેપન વર્ષના હિતેષભાઇ દેવજીભાઇ ધનવાડીયાની ફરિયાદ પરથી અદિત ધુળધોયા અને




વિજય ધુળધોયા સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર હિતેષભાઇ ઘર નજીક જ ગેરેજ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમણે ફરિયાદમાં જણાવ્યા મુજબ રાત્રિના આશરે એક વાગ્યાની આસપાસ તે પોતાના ઘર પાસે ચાલીને જઈ રહ્યા હતા. તે દરમિયાન તેમની પાછળની શેરીમાં રહેતો અદિત ધુળાધોયા નામનો શખ્સ પોતાનું એકટીવા હંકારી હિતેશભાઈની એકદમ નજીકથી પસાર થયો હતો. જેથી હિતેશભાઈએ તેને ટોકતા કહ્યું હતું કે તારી ગાડી થોડી દૂરથી ચલાવ, મને લાગી જશે. આટલું સાંભળતા જ અદિત એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને બિભત્સ ગાળો આપવા લાગ્યો હતો.

ગાળો બોલવાની ના પાડતા અદિતે હિતેશભાઈને ઢીકાપાટુનો બેફામ માર મારવાનું શરૂ કરી દીધું હતું. આ ઝઘડાનો અવાજ સાંભળીને હિતેશભાઈના પત્નિ ભાવનાબેન પોતાના પતિને બચાવવા માટે દોડી આવ્યા હતા.એ જ સમયે અદિતનો ભાઈ વિજય ધુળાધોયા હાથમાં લાકડાનો ધોકો લઈને ત્યાં ધસી આવ્યો હતો. વિજયે ઉશ્કેરાઈને ભાવનાબેન પર હુમલો કરી, તેમના ડાબા હાથના કાંડાના ભાગે ધોકાનો ફટકો મારી દીધો હતો, જેના કારણે તેમને મુંઢ ઇજા થઇ હતી. રાડા-રાડી થતાં આજુબાજુના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને દંપતીને વધુ માર ખાતા બચાવ્યા હતા.

લોકો એકઠા થઈ જતાં બંને હુમલાખોર ભાઈઓ ત્યાંથી ભાગી છૂટયા હતા. જતા-જતા બંને આરોપીઓએ ધમકી આપતા કહ્યું હતું કે-હવે પછી અમારી સામે જોયું છે તો તમને બંનેને જાનથી મારી નાખીશું.હુમલામાં ઘાયલ ભાવનાબેનને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તપાસીને ડાબા હાથમાં મુંઢ ઈજા થઈ હોવાનું જણાવ્યું હતું.

હોસ્પિટલમાંથી ‌-ાથમિક સારવાર મેળવી રજા લીધા બાદ હિતેશભાઈએ થોરાળા પોલીસ મથકે પહોંચી બંને શખ્સો વિરૂદ્ઘ ફરિયાદ નોંધાવી હતી. થોરાળા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ નિલેષભાઇ ડામોરે એફઆઇઆર દાખલ કરી બંને આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આમ વાહન જોઇને હંકારવા અંગે થયેલી ટોકરને કારણે ઉશ્કેરાયેલા યુવાને પોતાના ભાઇને બોલાવી બટાઝટી બોલાવી દીધી હતી.

### ધણીના મૃત્યુ પછી જે શખ્સ સહારો બનશે તેમ સમજી પ્રેમ કર્યો એ મોત માટે નિમિતી બન્યો

# પ્રેમીએ વિધવાને પતાવી લાશ કેનાલમાં ફેંકી

## પ્રેમીને એવી શંકા હતી કે પ્રેમિકા બીજા કોઇ પુરૂષ સાથે પણ લફરૂ ધરાવે છેઃ દાણા જોવા જવાના બહાને સાથે લઇ ગયો, તિક્ષ્ણ હથીયારથી હત્યા કરી નાંખી હતીઃ પોલીસે દબોચી લીધો

રાજકોટ, તા. ૧૪

આડાઅવળા સંબંધોમાં માથાકુટ અને મારામારી કે ક્યારેક હત્યાની ઘટના બનતી રહે છે. આવી જ એક હત્યાનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. પતિના મૃત્યુ પછી એકલી રહેતી મહિલાને એક યુવાન સાથે પ્રેમ થઇ ગયો હતો. આ બંને વચ્ચેના પ્રેમસંબંધ લાંબા સમય સુધી ચાલ્યા હતાં. બે પુત્રોની માતા એવી આ મહિલાએ પતિના અવસાન પછી આ પ્રેમી પોતાને આગળ જીવન જીવવામાં મદદરૂપ થશે તેવી આશા સાથે સંબંધ આગળ વધાર્યો હતો. પરંતુ આ પ્રેમી શંકાશીલ નીકળ્યો હતો. તેને એવી શંકા હતી કે પોતાની આ પ્રેમિકાને અન્ય કોઇ પુરૂષ સાથે પણ લફરૂ છે. આ શંકાને કારણે તે માતાજીના દાણા જોવડાવવાના બહાને અને દર્શન કરવાના બહાને તેણીને સાથે લઇ ગયો હતો. પછી તેની ક્રુર હત્યા કરી લાશ કેનાલમાં ફેંકી દીધી હતી. પોલીસે આ મર્ડર મિસ્ટ્રી ઉકેલી હત્યારાની ધરપકડ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો પાદરા તાલુકાના સાંગ્મા ગામે કેનાલમાંથી મળેલી મહિલાની હત્યા થયેલી લાશનો ભેદ ઉકેલાયો હતો અને ચોંકાવનારી વિગતો સામે આવી હતી. પોલીસે આ ગુનામાં મૃતક મહિલા સાથે કામ કરતા સાંગ્મા ગામના યુવાનની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ સુત્રો તફરથી મળતી માહિતી મુજબ સાંગ્મા ગામની સીમમાં નર્મદા કેનાલમાંથી ગઇકાલે સવારે એક મહિલાની હત્યા થયેલી લાશ મળી હતી. આ અંગે પાદરા પોલીસ દ્વારા તપાસ હાથ ધરાયા બાદ મૃતક મહિલા ભરૂચ જિલ્લાના પાલેજમાં પંચાયત પાસે લાલજી કમ્પાઉન્ડમાં રહેતી પાર્વતી નરેશભાઇ ઠાકોર નામની પાંત્રીસ વર્ષની ઓળખ થઇ હતી.

વધુ માહિતી અનુસાર વડોદરાની સયાજી હોસ્પિટલમાં નોકરી કરતી મહિલાનો પતિ ત્રણ માસ પહેલાં જ મૃત્યુ પામ્યો હતો. તેમજ સંતાનમાં બે પુત્રો હોવાનું જાણવા મળ્યા બાદ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન સાંગ્મા ગામમાં જ રહેતા અને સયાજી હોસ્પિટલમાં તેની સાથે નોકરી કરતા મહેશ ગણપત ચૌહાણ પર શંકા દ્રઢ થતાં પોલીસે તેને શોધી કાઢી પૂછપરછ કરતાં તેને જ હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. તેના ઘરથી માત્ર પચાસ મીટર દૂરથી



મહિલાની લાશ મળી હતી.

પોલીસ તપાસમાં એવી વિગત બહાર આવી હતી કે મૃતક મહિલા તેમજ મહેશ વચ્ચેના સંબંધો બાદ મહેશને શક હતો કે મહિલા અન્ય સાથે પણ સંબંધો રાખે છે જેથી દાણા જોવા માટે માતાજીના દર્શન માટે જવાનું છે તેવું બહાનું કાઢી મહિલાને ઘેર બોલાવી હતી. બાદમાં માતાજી હાલ નહી મળે તેમ કહ્યા બાદ મોડી રાત્રે મહેશે મહિલાની તિક્ષ્ણ હથિયારથી હત્યા કરી લાશને વગે કરી દીધી હતી. પોલીસે હત્યાના ગુનાની કબૂલાત બાદ આજે તેની ધરપકડ કરી હતી.

વધુ તપાસ માટે રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજૂ કરી આગળની કાર્યવાહી કરવામાં આવી હતી. સાંગ્મા ગામની સીમમાં નર્મદા કેનાલમાંથી વિધવાની હત્યા થયેલી લાશ મળ્યા બાદ તેનો ભેદ ઉકેલી પોલીસે સાંગ્મા ગામમાં રહેતા મહેશ ગણપત ચૌહાણની ધરપકડ કરી હતી.ાં

પોલીસ તપાસમાં એવી વિગત બહાર આવી છે કે મહેશ છેડતીના કેસમાં થોડા સમય પહેલાં જ ત્રણ વર્ષ સુધી જેલમાં રહીને બહાર આવ્યો છે. આ કેસમાં મહેશ તેમજ તેના ભાઇ સામે પણ ગુનો નોંધાયો હતો. આમ કેનાલમાંથી મળેલી મહિલાની હત્યા કરાયેલી લાશમાં પોલીસ તપાસ દરમિયાન ચોંકાવનારો પર્દાફાશ થયો હતો. મહિલાનો પ્રેમી જ હત્યારો નિકળતાં પોલીસે દબોચી લઇ કાર્યવાહી કરી હતી.

---

### દામ્પત્ય જીવનમાં દગાખોરી થાય એટલે પરિણામ આવે ખોફનાક

# પ્રેમમાં નડતરરૂપ પતિને મોતને ઘાટ ઉતારતી પત્ની

## પ્રેમી સહિત બે જણાનો સાથ લઇ હત્યાકાંડને અંજામ આપ્યોઃ જો કે સગી દિકરીઓને માતાની આ ક્રુર કરતૂતનો ભાંડો ફોડ્યોઃ પોલીસે ત્રણને પકડી લીધા

રાજકોટ, તા. ૧૪

દામ્પત્ય જીવનમાં વફાદારી, પ્રેમ, પરસ્પર ભરોસાના પાયા પર બધુ ટકેલુ હોય છે. જો બેમાંથી એક એટલે કે પતિ કે પત્નિ બેવફાઇ પર ઉતરી આવે તો તેનું પરિણામ મોટે ભાગે અત્યંત ખોફનાક આવતું હોય છે. આડાસંબંધોને કારણે હત્યાની ઘટનાઓ તો અનેક બને છે. પરંતુ ઘણીવાર આવા બનાવોમાં ખુદ પતિ જ પત્નિની હત્યા કરતો કે કરાવતો હોય છે, અથવા તો ઘણીવાર પત્નિ જ પોતાના પ્રેમસંબંધમાં આડખીલી રૂપ બનતા પતિનો કાયમને માટે કાંટો કાઢી નાંખતી હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં પત્નિને બીજા સાથે પ્રેમ થઇ જતાં પતિ નડતરરૂપ બનતો હોઇ પ્રેમી સહિત બે જણાનો સાથ લઇ પતિને મોતને ઘાટ ઉતારી દીધો હતો. જો કે હત્યારણની આ પાપલીલાનો ભાંડો ખુદ તેની જ દિકરીઓએ ફોડી નાંખતા પોલીસે કુલ ત્રણ આરોપીઓને દબોચી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો હત્યાની આ થરાદના ગણેશપુરામાં બની હતી. અહિ રહેતાં ગમાભાઈ નામના યુવાનની ક્રૂર હત્યાનો ભેદ ઉકેલાયો હતો. પતિની હત્યા કરનાર બીજું કોઈ નહીં, પરંતુ તેની પત્નિનર્મદાબેન જ માસ્ટરમાઇન્ડ હતી. પત્નિએ પોતાના પ્રેમજી



ચૌધરી અને મુકેશ ઠાકોર સાથે મળીને પતિને આડા સંબંધોમાં આડખીલી બનતા મોતને ઘાટ ઉતાર્યો હતો. સગી દીકરીઓની જુબાનીથી પોલીસે તણ આરોપીઓને ઝડપી જેલભેગા કરવા કાર્યવાહી હાથ ધરી હતી.

વિશેષ માહિતી પર નજર કરીએ તો થરાદના ગણેશપુરા ગામે થયેલી એક વ્યક્તિની ક્રૂરતાપૂર્વક હત્યાના કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો.પતિની હત્યા પાછળ બીજું કોઈ નહીં, પરંતુ ખુદ તેની પત્નિ જ માસ્ટરમાઇન્ડ હોવાનું સામે આવ્યું છે. પત્નિ એ જ પોતાના પ્રેમીઅને અન્ય એક સાગરીત સાથે મળીને પતિને રસ્તામાંથી હટાવવા મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ સમગ્ર પાપના ખેલનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે સગી દીકરીઓએ જ પોલીસ સમક્ષ પોતાની કળિયુગી માતાનો ભાંડો ફોડી નાખ્યો!

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે ઘ્ગણેશપુરા ગામના રહેવાસી મૃતક ગમાભાઈની પત્નિ નર્મદાબેન ઉર્ફે નબાબેનને ગામના એક પ્રેમજી ચૌધરી નામના શખ્સ સાથે આડા સંબંધો હતા. આ પ્રેમ પ્રકરણની જાણ પતિને થતાં તે બંને વચ્ચે આડખીલી બનતો હતો. આથી પતિને રસ્તામાંથી હટાવવા માટે પત્નિ નર્મદાબેન, પ્રેમી પ્રેમજી અને મુકેશ ઠાકોર નામના અન્ય એક શખ્સે ભેગા મળીને કાવતરૂ રચી ગમાભાઈની ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી હતી. આ મામલે ફરિયાદી સુરેશભાઈ ઠાકોરની ફરિયાદના આધારે થરાદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ચોંકાનવારી આ હત્યા બાદ મામલો દબાવવાનો પ્રયાસ કરાયો હતો. પરંતુ મૃતકની સગી દીકરીઓએ પોલીસ સમક્ષ પોતાની માતાના કરતૂતોની જુબાની આપતા સમગ્ર રહસ્ય પરથી પડદો ચકાયો હતો. દીકરીઓની જુબાનીના આધારે થરાદ પોલીસે એક્શન મોડમાં આવીને ગણતરીના કલાકોમાં જ તમામ નરાધમોને દબોચી લીધા હતા. પોલીસે મુખ્ય આરોપી પત્નિ નર્મદાબેન, તેણીના પ્રેમી પ્રેમજી ચૌધરી અને મદદગાર મુકેશ ઠાકોર સહિત ત્રણેય આરોપીઓનને દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી હતી. સગી દીકરીઓએ જ માતાના પાપનો ઘડો ફોડતા આખા પંથકમાં ભારે અરેરાટી મચી ગઈ હતી. હાલ પોલીસે આ સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી.

---

# ઉમિયા ચોકમાં ચાર મહિના પહેલા કારની ઠોકરે ચડેલા વૃધ્ધનું મૃત્યુ

## ઓમ શાંતિ કેન્દ્રમાં સેવા કરીને ઘરે જતી વખતે બનાવ બન્યો હતોઃ બીજી ઘટનામાં ભત્રીજાની સગાઇમાં વાડોદરથી રાજકોટ આવેલા પ્રૌઢનું હૃદય બેસી જતાં મૃત્યુ

રાજકોટ, તા. ૧૪

વાહન અકસ્માતના વધુ એક બનાવમાં એક પરિવારના મોભીનું મૃત્યુ થયું હતું. ચાર મહિના પહેલા શહેરના દોઢો ફુટ રીંગ રોડ પર ઉમિયા ચોકમાં બાઇક સહિત કારની ઠોકરે ચડી જતાં ગોવર્ધન ચોકમાં રહેતાં બોંતેર વર્ષિય વૃધ્ધનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું છે. બ્રહ્માકુમારીના ઓમ શાંતિ કેન્દ્ર ખાતે સેવા આપીને તેઓ ઘરે જઇ રહ્યા હતાં ત્યારે અકસ્માત નડ્યો હતો. ગોવર્ધન ચોકમાં માધવ પાર્ક ખાતે રહેતાં બોંતેર વર્ષના વિઠ્ઠલભાઇ નાનજીભાઇ રૈયાણી નામના વૃધ્ધ તા. ત્રીજી માર્ચનાના રોજ સાંજે સાડા પાંચેક વાગ્યે બાઇક હંકારી ઉમીયા ચોકમાંથી પસાર થઇ રહ્યા હતાં ત્યારે ક્રેટા કારની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજાઓ થઇ હતી.

તેમનેં સિવિલ હોસ્પિટલમાં અને ત્યાંથી ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં આજે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. બનાવની જાણ ખાનગી હોસ્પિટલ મારફત થતાં માલવીયાનગર પોલીસ સ્ટેશનના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. વિઠ્ઠલભાઇ બે ભાઇ અને એક બહેનમાં બીજા હતાં અને વેપાર કરતાં હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે બનાવને દિવસે બ્રહ્માકુમારી ઓમ શાંતિ કેન્દ્ર ખાતે સેવા આપીને પરત ઘરે ફરતાં હતાં ત્યારે અકસ્માત નડ્યો હતો. મોભીના મૃત્યુથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.




બીજી ઘટનામા ધોરાજીના વાડોદર ગામે બસ સ્ટેશનની સામે રહેતાં ચોપન વર્ષના ચંદ્રકાંતભાઇ રમણિકભાઇ ઠેસીયા રાજકોટ ઓમનગર ૪૦ ફુટ રોડ પર અક્ષર હાઇટ્સમાં રહેતાં પોતાના મોટા ભાઇ સંજયભાઇના ઘરે સવારે બેભાન થઇ જતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થતાં તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. ચંદ્રકાંતભાઇના ભત્રીજાની ત્રણ દિવસ પહેલા સગાઇ હોઇ તેઓ પરિવાર સાથે હાજરી આપવા આવ્યા હતાં. આગામી આઠ દિવસ પછી લગ્ન યોજાયા હોઇ જેથી અહિ તેઓ રોકાયા હતાં. સવારે એકાએક બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. તેઓ ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં અને ચાર ભાઇમાં ત્રીજા હતાં. સંતાનમાં એક દિકરો તથા એક દિકરી છે. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

---

### ગઠીયાઓને લીલા લ્હેર છેઃ વૃધ્ધોને શિકાર બનાવી લેવાના વધુ ત્રણ કિસ્સા

# ઇ-ચલણ, પોલીસી ક્લોઝના નામે વૃધ્ધ-મહિલા છેતરાયા

## ત્રીજી ઘટનામાં નિવૃત વૃધ્ધને રોકાણ પર નફાના નામે એફડી કરાવી આપવાના બહાને લાખોનો ચૂનો લગાવી દેવાયોઃ ત્રણેય કિસ્સામાં પોલીસે તપાસ શરૂ કરી

રાજકોટ, તા. ૧૪

ઓનલાઇન સાયબર ક્રાઇમના કિસ્સા રોજીંદા છે વધુ બે આવા બનાવ સામે આવ્યા છે જેમાં એક બનાવમાં ઇ-ચલણની લિંક મોકલી ઠગાઇ કરવામાં આવી હતી. બીજા કિસ્સામાં નિવૃત મહિલાને વિમા પોલીસી ક્લોઝ કરાવી આપવાના નામે લાખો ખંખેરી લેવાયા હતાં. ત્રીજી ઘટનામાં નિવૃત વૃધ્ધને રોકાણ પર નફો અપાવવાના નામે એફડી કરાવવાના બહાને પાંચ લાખ મેળવી લઇ ચૂનો લગાવી દેવાયો હતો.

લોકોને સાયબર ગઠીયાઓ અલગ અલગ રીતે વ્હોટ્સએપ મેસેજથી કે બીજા સોશિયલ મિડીયા માધ્યમની આરટીઓના ઇ-ચલણની એપીકે ફાઇલ મેસેજ મોકલી આ એપ ઇન્સ્ટોલ કરાવડાવી પછી મોબાઇલ ફોન હેક કરી તેના બેંક ખાતા ખાલી કરી નાંખે છે. આવા બનાવો સતત બની રહ્યા છે આમ છતાં લોકો જાગૃત થતાં નથી. અથવા તો જે લોકો સમાચાર માધ્યમો કે સોશિયલ મિડીયા માધ્યમથી દુર હોય તેવા લોકોને આવા ફ્રોડની જાણકારી હોતી નથી, કે પછી અચાનક આવતાં આવા ચલણના મેસેજ ગભરાઇને ઓપન કરી નાંખે છે અને પછી ફ્રોડનો શિકાર બની જાય છે.

આવા એક કિસ્સામાં વડોદરાના માણેજા વિસ્તારમાં બનેલા બનાવની મળતી માહિતી મુજબ,પેટ્રોલ પંપ ઉપર ફરજ બજાવતા જીતાલાલ પટેલ નામના યુવક ઉપર ઇ-ચલણની લિન્ક આવતાં તેણે લિન્ક ઓપન કરી હતી.થોડીવાર બાદ તેના ખાતામાંથી એક લાખની રકમના ટ્રાન્જેક્શન થઇ ગયા હોવાના મેસેજ આવ્યા હતા.જેથી સાયબર સેલને જાણ કરી હતી. અહિ રકમ ઓછી હતી પરંતુ ઇ-ચલણનો ઉપયોગ કરી વધુ એક વખત ગઠીયા લોકોને છેતરી લેવામાં સફળ થયા હતાં.

બીજી ઠગાઇ જોઇએ તો ઓનલાઇન ઠગોનો આતંક યથાવત્ છે. ન્યુ સમા રોડ પર અડસઠ વર્ષીય નિવૃત્ત મહિલા




લતાબેન રવિન્દ્રને મેક્સ લાઇફ ઇન્સ્યોરન્સ પોલિસીના બહાને વિશાલ શર્મા નામના ઠગે ફોન કર્યો હતો. ઠગે પોલિસી ક્લોઝ કરાવવાના બહાને મહિલા પાસેથી આધાર, પાન કાર્ડ અને ઓટીપી મેળવી, તબક્કાવાર કુલ પાંચ લાખ રૂપિયા પડાવી લીધા હતા. માણેજામાં પણ ઇ-ચલણની લિંક ખોલતા યુવકે ૧ લાખ ગુમાવ્યા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુ વિગત અનુસાર ન્યુ સમા રોડ વિસ્તારમાં શિવાશ્રય સોસાયટી નજીક રહેતા અડસઠ વર્ષીય લતાબેન રવિન્દ્રએ પોલીસને કહ્યું છે કે મને વિશાલ શર્માના નામે ફોન આવ્યો હતો અને તમારી મેક્સ લાઇફ ઇન્સ્યોરન્સ પોલિસીના એજન્ટ વિનોદે રૂપિયા એક લાખ સાંઇઠ હજારના બોનસનો ક્લેઇમ કર્યો છે તેમ કહ્યું હતું.

આો પછી ઠગે મહિલાને પાંચ લાખની પોલિસી ક્લોઝ કરવાનો પ્રોસેસ સમજાવતાં મહિલાએ આધાર કાર્ડ,પાન કાર્ડ,કેન્સલ ચેક આપ્યા હતા. ઠગે ત્યારબાદ ઓટીપી પણ લીધો હતો.પછી તેણે મહિલા પાસે બાવન હજાર ભરાવ્યા હતા.મહિલાએ રૂપિયા ભરતાં ઠગે ક્લોઝ કરવામાં એરર આવે છે તેમ કહી બીજા રૂપિયા એક લાખ પડાવ્યા હતાં. મહિલાએ કહ્યું હતું કે ત્યારબાદ ગીતા બેનર્જી ના નામે ફોન આવ્યો હતો. આ પછી તેણે બે લાખ પંચાણુ હજાર ભરશો તો જ ફોર્મ અપલોડ થશે,તમારા ભરેલા તમામ રૂપિયા પોલિસી સાથે પાછા મળી જશે તેમ કહી બીજા બે લાખ પંચાણુ હજાર પડાવ્યા હતા.પરંતુ ત્યારબાદ ઠગોએ રૂપિયા આપ્યા નહતા અને ફોન પણ બંધ કરી દીધો હતો.પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

ત્રીજી ઠગાઇ જોઇએતો વડોદરામાં નિવૃત્ત સિનિયર સિટિઝન સાથે ૫ લાખની ઠગાઈ થઈ છે. ખાનગી બેંકના સેલ્સ મેનેજર જયેશ પરમારે નિવૃત્તિ ભંડોળ રોકાણના બહાને, ફરિયાદી નિરંજનભાઈ મહેતાના ચેક પર ખોટી સહી કરી, મિત્રના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરાવ્યા હતા. સમા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. નિવૃત્તિ પછી મળેલા રૂપિયા ઇન્વેસ્ટ કરી આપવાના બહાને ખાનગી બેંકના સેલ્સ મેનેજરે સીનિઅર સિટિઝન સાથે પાંચ લાખની ઠગાઇ કરી હતી. જે અંગે સમા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

વધુ વિગતો અનુસાર સમા કેનાલ રોડ નંદ કોમ્પલેક્સમાં રહેતા એકસઠ વર્ષના નિરંજનભાઇ પરસોત્તમભાઇ મહેતા જનરલ સ્ટોરમાં નોકરી કરે છે. સમા પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે,અગાઉ હું એલેમ્બિક કંપનીમાં નોકરી કરતો હોઇ મારું સેલેરી એકાઉન્ટ એક્સીસ બેન્કમાં હતું. જેથી, ત્યાં નોકરી કરતા કર્મચારી જયેશ લીંબાભાઇ પરમાર સાથે સંપર્ક થયો હતો. નિવૃત્તિ પછી મળેલા રૂપિયાના રોકાણ માટે હું બેંકમાં ગયો હતો. ત્યારે જયેશભાઇએ મને અલગ - અલગ સ્કીમ સમજાવી હતી. તેઓ ઘરે પણ આવતા હતા. તેમણે મને પાંચ - પાંચ લાખની બે એફ.ડી. કરી આપી હતી. ત્યારબાદ મારા સેલેરી એકાઉન્ટ નંબર વાળો પાંચ લાખનો ચેક એફ.ડી. કરાવવા માટે આપ્યો હતો. તેમણે બેંકમાંથી આર.ટી.જી.એસ. ફોર્મ ભરી તેમાં બેનીફીસરી તરીકે તેમના મિત્ર સુજીતસિંહ ધરમસિહ ગોહિલના એકાઉન્ટનો નંબર લખ્યો હતો. તેમાં મારી ખોટી સહી કરી દીધી હતી. મારી પાસેથી લઇ ગયેલો ચેક બેંકમાં જમા કરાવી તેના મિત્ર સુજીતસિંહના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી દીધા હતા. તે રૂપિયા જયેશભાઇએ તેમના મિત્રના એકાઉન્ટમાંથી લઇ લીધા હતા અને મને એફ.ડી. કરી આપી નહતી. આ પછી વૃધ્ધે ઠગાઇનો ગુનો દાખલ કરાવ્યો હતો. આમ ત્રણ ફ્રોડની ઘટના સામે આવી હતી.

ગમે તેવા શાતીર ગુનેગાર હોય તો પણ પોલીસ ધારે તો ગમે ત્યાંથી શોધી કાઢે

# દોઢ દાયકાથી ફરાર શખ્સને પેરોલ ફરલો સ્કવોડે પકડ્યો

## પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ૨૦૧૧માં મારામારી-ધમકીનો ગુનો દાખલ થયો ત્યારે પાંચ પકડાઇ ગયા હતાં: ત્યારથી ફરાર શખ્સ મુંબઇ સ્થાયી થઇ ગયો હતો: અમદાવાદ આવ્યાની જાણ થતાં જ પીઆઇ કે. કે. ગોહિલની ટીમે દબોચી લીધો

રાજકોટ,તા.૧૪

ગુનેગારો ગમે તેવા શાતીર હોઇ પોલીસ તેને ગમે ત્યાંથી શોધી લેતી હોય છે. અનેક એવા ગુનેગાર હોય છે જે ગુનો આચર્યા પછી દિવસો મહિનાઓ અને ક્યારેક તો વર્ષો સુધી હાથમાં આવતાં હોતા નથી. રાજ્યમાં આવા ભાગેડુઓને શોધી કાઢવા માટે પોલીસ ખાસ ઝુંબેશ ચલાવી રહી છે. રાજકોટ પોલીસ પણ વર્ષો જુના ગુનાના આરોપીઓને વીણી વીણીને શોધી કાયદેસરની કાર્યવાહી કરી રહી છે. આ દરમિયાન એક નોંધપાત્ર કામગીરી કરી છે જેમાં પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં પંદર વર્ષ પહેલા એટલે કે દોઢ દાયકા પહેલા નોંધાયેલા મારામારી મદદગારી ધાકધમકીના ગુનામાં ફરાર શખ્સને ઝડપી લેવામાં સફળતા મળી છે. આ શખ્સ મુંબઇ સ્થાયી થઇ ગયો હતો તે કોઇ કામ માટે અમદાવાદ આવ્યાની બાતમી પરથી તેને ઉઠાવી લવાયો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેર પોલીસ દ્વારા નાસતા-ફરતા અને પેરોલ જમ્પ થયેલા ગુનેગારોને પકડી પાડવા માટે આદરેલી ખાસ ઝુંબેશ અંતર્ગત રાજકોટ પેરોલ ફર્લો સ્કવોડને એક મોટી સફળતા મળી છે. પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વર્ષ ૨૦૧૧માં એટલે કે દોઢ દાયકા પહેલા નોંધાયેલા મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગુનામાં ફરાર શખ્સને અમદાવાદથી ઝડપી લેવાયો હતો.



જે તે વખતે આ શખ્સ ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતો હતો. હાલ તે મુંબઇ રહેતો હતો અને અમદાવાદ આવ્યાની બાતમી મળતાં પકડી લેવાયો હતો. જે તે વખતે પોલીસે પાંચને પકડી લીધા ત્યારે આ ફરાર થઇ ગયો હતો. જાણવા મળ્યા મુજબ રાજકોટ શહેરના પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પેરોલ ફરલો સ્કવોડની ટીમ અલગ અલગ ગુનાઓમાં ફરાર આરોપીઓને શોધવા સતત ઝુંબેશ ચલાવી રહી છે. તે અંતર્ગત પોલીસ ઇન્સપેકટર કે.કે. ગોહિલના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઇન્સ્પેક્ટર એસ.બી. ઘાસુરા અને પેરોલ ફરલો સ્ક્વોડની ટીમ સતત વોચમાં હતી.

પોલીસની ટીમને પોતાના ખાનગી બાતમીદારો અને આધુનિક ટેકનિકલ એનાલિસિસના માધ્યમથી ચોક્કસ કડીઓ મળી હતી કે પંદર વર્ષ પહેલાના ગુનામાં ફરાર આરોપી અમદાવાદમાં આવ્યો છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે અમદાવાદ શહેરના પંચ કુવા દરવાજા પાસે આવેલ ખાડિયા ચાર રસ્તા નજીકની હોટલ પાસેથી તેને હસ્તગત કરી કાયદેસરની કાર્યવાહી અર્થે રાજકોટ શહેરના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ કરવામાં આવી છે.

પકડાયેલા આ શખ્સનું નામ ધર્મેશ હરિશ્ચંદ્રભાઇ ભુછડા ની હાલની ઉમર સુડતાલીસ વર્ષની છે અને હાલ તે મુંબઇ મીરા રોડ ગ્રીષ્મા ઇન્કલેવ એફ-૩૦૩ ખાતે રહે છે અને નોકરી કરે છે. તે અમદાવાદ કામ અર્થે આવ્યો ત્યારે પોલીસે દબોચી લીધો હતો.

આરોપી ધર્મેશ ભૂછડા સામે રાજકોટ શહેરના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૧માં સેકન્ડ પાર્ટ ગુના રજિસ્ટર નંબર ૧૦૫/૨૦૧૧ અંતર્ગત આઇપીસીની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. મારામારી-ધાકધમકીના એ ગુનામાં જે તે વખતે પ્રદ્યયુમનનગર પોલીસે અલ્તાફ મહેબૂબભાઇ, સલિમ બચુભાઇ, ઇમરાન યુસુફભાઇ, મુસ્તુફા મહેબૂબભાઇ સહિત પાંચને પકડી લીધા હતાં. તેમજ એક સગીર સામે પણ કાર્યવાહી કરાઇ હતી. ત્યારથી ધર્મેશ સતત ફરાર રહેતો હતો. ધર્મેશને એમ હતું કે પોતે જે ગુનામાં મદદગારીમાં હતો તે ગુનાનો કેસ હવે પુરો થઇ ગયો હશે. પણ કાયદો કાયદાનું કામ કરે જ એ રીતે ધર્મેશનું નામ પોલીસના ચોપડે ફરાર આરોપી તરીકે હજુ પણ બોલતું હતું. મુંબઇથી તે કોઇ કામ માટે અમદાવાદ આવ્યાની બાતમી પરથી પકડી લીધો હતો. પીઆઇ કે. કે. ગોહિલ, પીએસઆઇ એસ. બી. ઘાસુરા, એએસઆઇ ઝહીરભાઇ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રાજદીપસિંહ ગોહિલ, હેડકોન્સ. સીરાજભાઇ ચાનીયા, રાજદીપસિંહ ચૌહાણ, રોહિતભાઇ કછોટ, અંકિતભાઇ નિમાવત, કોન્સ. અમીનભાઇ ભલુર, કુલદીપસિંહ જાડેજા, મહિલા પોલીસ કોન્સ્ટેબલ શાંતુબેન મુળીયા અને ડ્રાઇવર કોન્સ. દોલતસિંહ રાઠોડે આ કામગીરી કરી હતી. પંદર વર્ષ જુના કેસના આરોપીને શોધી કાઢવાની પેરોલ ફરલો સ્કવોડની આ કામગીરીને ઉચ્ચ અધિકારીઓએ પણ બીરદાવી હતી.

---

ચાર અલગ અલગ ઘટનામાં પરિવારોએ પોતાના સ્વજનોને કાયમને માટે ગુમાવતાં ગમગીની

# ખેતર ખેડતી વખતે ટ્રેક્ટર હેઠળ દબાઇ જતાં યુવાનનું મોત

રાજકોટ,તા.૧૪

જિંદગીની સફર ગમે ત્યારે ખતમ થઇ જતી હોય છે. મોત ક્યારે આવી જાય તેની કોઇને ખબર હોતી નથી. કંઇક આવી જ એક ઘટનામાં એક યુવાન પોતાની વાડીએ ટ્રેકટરથી ખેતર ખડતો હતો ત્યારે આ ટ્રેકટર જ તેના મોતનું કારણ બન્યું હતું. એકાએક ટ્રેકટર પલ્ટી મારી જતાં પોતે તેની નીચે દબાઇ જતાં મોત થઇ ગયું હતું. બીજી એક ઘટનામાં એક યુવાન એકલવાયા જીવનથી કંટાળી જતાં તેણે ટ્રેનના પાટા પર સુઇ જઇ ટ્રેન હેઠળ કપાઇ જઇ મોત વ્હાલુ કરી લીધુ હતું. ત્રીજી એક ઘટનામાં એક યુવતિનું ઘરે એકાએક બેભાન થઇ પડી ગયા બાદ મોત થયું હતું. ચોથા બનાવમાં એક વૃધ્ધ પારેવડી ચોકમાં બેઠા બેઠા ઢળી પડ્યા બાદ મોત નિપજ્યું હતું.

પ્રથમ કરૂણ ઘટના પર નજર કરીએ તો સુરેન્દ્રનગરના મુળી તાબેના વેલાળા ગામે રહેતાં યુવાનનું પોતાની વાડીએ ટ્રેકટર પલ્ટી મારી જતાં દબાઇ જવાને કારણે મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. પોલીસને આ બનાવ અંગે શંકા ઉપજતાં મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો હતો. વિશેષ માહિતી



**એકવલાવાયા જીવનથી કંટાળી યુવાને ટ્રને હેઠળ કુદી જીંદગીની સફર ટુંકાવી: બાવીસ વર્ષની યુવતિનું ઘરે અને વૃધ્ધનું પારેવડી ચોકમાં બેભાન થઇ જતાં મૃત્યુ**

અનુસાર મુળી તાબેના વેલાળા ગામે રહેતો એકવીસ વર્ષના મેહુલ ગોપાલભાઇ ટોળીયા પોતાની વાડીએ કામે ગયો હતો.

બાદમાં બપોરે પરિવારજનો ત્યાં જતાં ટ્રેકટર ઉંધુ પડેલુ અને મેહુલ દબાઇ ગયેલો દેખાતાં ૧૦૮ને જાણ કરાઇ હતી. તેમજ પોલીસને જાણ કરાઇ હતી. મેહુલને મૃત જાહેર કરવામાં આવતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર મેહુલ બે ભાઇમાં મોટો અને અપરિણીત હતો. તેના પિતા પશુપાલન કરે છે. મેહુલ ખેતી કરી ગુજરાન ચલાવતો હતો. પરિવારજનોના કહેવા મુજબ વાડીએ ટ્રેકટરથી ખેતર ખેડતી વખતે આ બનાવ બન્યો હતો. જો કે પોલીસને શંકા ઉપજતાં મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો હતો. યુવાન દિકરાના મૃત્યુથી ટોળીયા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

બીજી એક કરૂણ ઘટનામાં એક યુવાને આપઘાત કરી લીધો હતો. કોઠારીયા સોલવન્ટમાં રહેતાં પ્રદિપકુમાર દયાશંકર નામના વીસ વર્ષના યુવાને રાત્રીના સમયે પારડી અને પડવલા વચ્ચે આવેલા રેલ્વે ટ્રેક પર ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ થતાં શાપર પોલીસના સ્ટાફે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનાર પ્રદિપકુમાર મુળ યુપીનો વતની હતો અને હાલ શાપરમાં એકલો રહી છુટક મજૂરી કરતો હતો. તેના લગ્ન થયા નહોતાં. આ યુવાન બે બહેનનો એકનો એક ભાઇ હતો. તેના પરિવારજનો વતનમાં રહે છે. પોતે શાપરમાં રૂમ રાખી એકલો રહેતો હતો. એકલવાયા જીવનથી કંટાળીને પગલુ ભરી લીધાનું બહાર આવ્યું હતું.

અપમૃત્યુની ત્રીજી ઘટના જોઇએ તો મુંજકાના ટીટોળીયા ક્વાર્ટરમાં રહેતી બાવીસ વર્ષની ધ્રુવીકાબેન પ્રવિણભાઇ ગોંડલીયા નામની યુવતિ ઘરે હતી ત્યારે ચક્કર આવતાં બેભાન થઇપડી જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી.પરંતુ તેનું મૃત્યુ થયું હતું. તેણી બે બહેનમાં મોટી હતી. તેના પિતાજી પ્રાઇવેટ નોકરી કરી ગુજરાન ચલાવે છે. તેણીનું મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. યુવાન દિકરીના અણધાર્યા મૃત્યુથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

ચોથાબ નાવમાં ભીલવાસ ઠક્કરબાપા હરિજનવાસમાં રહેતાં રાજુભાઇ નાથાભાઇ પરમાર નામના સિત્તેર વર્ષના વૃધ્ધ પારેવડી ચોકમાં નાગરિક બેંક ચોક પાસે બેઠા બેઠા બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ થતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. આમ ચાર અપમૃત્યુની ઘટનાને પગલે પરિવારોમાં શોક વ્યાપી ગયા હતાં.

---

# PCBએ વધુ બે હથીયાર સાથે યુ-ટ્યુબર સંદિપને દબોચ્યો

## બે દિવસમાં આવા હથીયારોનો આંકડો અઢાર થયો

રાજકોટ,તા.૧૪

શહેર પીસીબીની ટીમે ૧૬ ગેરકાયદે હથીયારો સાથે પાંચ શખ્સોને ઝડપી લીધા બાદ વધુ બે હથીયારો સાથે એક શખ્સને પકડી લેવાયો છે. તે સાથે આવા હથીયારોનો આંકડો ૧૮ થયો છે. હથિયારોના સપ્લાયર સકીલ સાદીક મન્સુરી કે જે મધ્યપ્રદેશ મીરઝાપુરનો વતની હતો તેને ઝડપી લઇ તેણે સપ્લાય કરેલા ૧૬ દેશી રિવોલ્વર, તમંચા અને પિસ્તોલ સાથે હથિયારોની ડીલીવરી લેનાર ચોટીલા, સુરેન્દ્રનગર, જસદણના અન્ય ૪ રીસીવરોને ઝડપી લીધા હતા.



આ પૈકીના પ્રદીપ અનકભાઇ કરપડા (રહે. ચોટીલા)ની પુછપરછમાં બે પિસ્તોલ રાજકોટ નજીકના વડવાજડી ગામના સંદીપસિંહ પ્રભાતસિંહ પરમારને આપ્યાની કબુલાત આપી હતી. જેના આધારે પીસીબીના પીઆઇ એમ.આર.ગોંડલીયાની ટીમે આજે સંદીપ પરમારને ઝડપી લઇ બે દેશી પિસ્તોલ, આઇ-ટવેન્ટી કાર અને મોબાઇલ સહિત સાડા ત્રણ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. સંદીપ પરમારે એક -દોઢ વર્ષ પહેલા આ હથિયારો એક-એક લાખ ચુકવી ખરીદ્યા હતા. સંદીપ પરમાર ન્યારી ડેમ નજીક કાફે ચલાવે છે અને યુ-ટયુબર છે તેવી માહીતી બહાર આવી છે.

તેની પાસેથી જીજે ૦૧ કેડબલ્યુ ૦૩૦૨ નંબરની કાર કબ્જે કરવામાં આવી હતી. જેના ડેશબોર્ડમાંથી આ હથીયારો મળી આવ્યા હતા. સંદીપ પરમાર પાસેથી ઝડપાયેલા હથિયારો સાથે બે દિવસમાં ૧૮ હથિયાર ઝડપી લેવાયા છે. રિમાન્ડ પર રહેલા આરોપીઓની પુછપરછ ચાલી રહી છે. ઉપરોક્ત કામગીરી પી.સી.બી. પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા, પોલીસ સબ ઇન્સ્પેક્ટર પી.બી ત્રાજીયા. આર.કે. જાડેજા, એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષણાલ મોરી, મહીપાલસિંહ ઝાલા.. હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, પો.હેડ.કોન્સ કિતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશાભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગૌસ્વામી, નગીનભાઇ ડાંગર, હિરેનસાલ સોલંકી, પ્રદીપસિંહ સરવૈયા પો.કોન્સ યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાલ જાડા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે, ડ્રા.પો.હેડ.કોન્સ. જયેશભાઇ ગઢવી એ કરી હતી.

---

ક્યારે ક્યાં કેવા સ્વરૂપે આવી જાય પરલોકનું તેડુ તેની નથી ખબર હોતી કાળા માથાના માનવીને

# લોખંડના ગડરથી યુવાનનું, કબૂતરને કારણે બાળકનું મોત!

## કંપનીમાં ક્રેઇનની ગડર તૂટી માથે પડતાં યુવાનનો જીવ ગયો: વિજ તાર પરથી કબૂતર ઉતારવા જતાં કબૂતર ઉડી ગયા ને તાર હાથમાં આવી જતાં બાર વર્ષના બાળકના પ્રાણપંખેરૂ ઉડી ગયા

રાજકોટ,તા.૧૪

મોત ક્યારે ક્યાંથી અને કેવી રીતે તેમજ કેવા સ્વરૂપે ટપકી પડે તેની કોઇપણ કાળા માથાના માનવીને ખબર હોતી નથી. ગમે ત્યારે પરલોકનું તેડુ આવી જતું હોય છે. આવી જ બે ઘટના સામે આવી છે જેમાં એક કિસ્સામાં અઠ્ઠાવીસ વર્ષના યુવાનનું કંપનીમાં કામ કરતી વખતે માથા પર ક્રેઇનનો લોખડનો ગડર પડતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. બીજી કરૂણ ઘટનામાં વિજ તાર પર બેઠેલા પાળેલા કબૂતરને પકડવા જતાં બાર વર્ષના ટાબરીયાને કરંટ લાગતાં દાઝી જતાં મોત થયું છે. કબૂતર તાર પરથી ઉડી ગયા હતાં અને તેના હાથમાં વિજ તાર આવી જતાં આ કરૂણ ઘટના બની હતી.

વિગતો પર નજર કરીએ તો પ્રથમ બનાવમાં એક પરિવારે યુવાન આધારસ્તંભ ગુમાવી દીધો હતો. રાજકોટ જીલ્લાના કોટડા સાંગાણી તાબેની પીપલાણા જીઆઇડીસીમાં રાત્રે એક દૂર્ઘટનામાં મુળ અમરેલીના વડીયા પંથકના





ગામના વતની અને હાલ શાપર રહેતાં અઠ્ઠાવીસ વર્ષના યુવાન પર ક્રેઇન તુટવાથી માથે લોખંડનું ગડર પડતાં ગંભીર ઇજા થવાથી મોત થયુ હતું. શાપર વેરાવળમાં કેપ્ટન ટ્રેકટર પાછળ ગણેશ એન્જિનીયરીંગ કંપની પાસે ક્વાર્ટરમાં રહેતો અને કંપનીમાં કામ કરતો અઠ્ઠાવીસ વર્ષનો મોહિતભાઇ ચીમનભાઇ સોલંકી નામનો યુવાન રાતે અગીયારેક વાગ્યે કોટડા સાંગણીના પીપલાણા ગામે જીઆઇડીસીમાં આવેલા જે. કે. ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં રવિ એન્જીનિયરીંગ ખાતે ક્રેઇનનું કામ કરતો હતો.

તે વખતે અચાનક જ ક્રેઇનનો ઉપરનો ગડર તૂટતાં મોહિતભાઇની માથે પડતાં ગંભીર ઇજા થતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ ટુંકી સારવાર દરમિયાન મોત થતાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ થતાં કોટડા સાંગાણી પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. મૃત્યુ પારનાર મોહિતભાઇ સોલંકી મુળ અમરેલી વડીયાના ઢુંઢીયા ગામનો વતની હતો. હાલ તે શાપર રહી કંપનીમાં કામ કરતો હતો. તે ત્રણ ભાઇમાં વચેટ અને અપરિણીત હતો. યુવાન દિકરાના મોતથી પરિવારજનો આઘાતમાં ગરકાવ થઇ ગયા હતાં.

બીજી ઘટના જોઇએ તો તેમાં એક ટાબરીયાનું મોત થયું હતું. રમત રમતમાં કે પછી પોતે જે કરી રહ્યો છે તેના માઠા પરિણામથી અજાણ એવો ટાબરીયો વિજ તાર પર બેઠેલા પોતાના કબૂતર પકડવા થાંભલે ચડ્યો હતો. પણ કબૂતર ઉડી ગયા હતાં અને તેના હાથમાં વિજ તાર પકડાઇ જતાં જોરદાર કરંટ લાગવા સાથે દાઝી જતાં અને નીચે પટકાતાં તેનું મોત થઇ ગયુ.હતું.

કરૂણ ઘટનાની વિશેષ માહિતી અનુસાર મોરબીમાં વાવડી રોડ પર લાભશુભ સોસાયટીમાં ગોકુલ પાર્ટી પ્લોટ સામે રહેતો બાર વર્ષનો કરન ઉર્ફે કાલો દિનેશભાઇ દેગામા સાંજના સમયે સાડા છએક વાગ્યે ઘર નજીક પોતાના કબુતર ઉડાડતો હતો ત્યારે બે પાળેલા કબૂતર વિજ તાર પર બેસી ગયા હોઇ અને નીચે આવતાં ન હોઇ જેથી કરન આ કબૂતરને પકડવા થાંભલા ઉપર ચડ્યો હતો. કબૂતર પકડવા જતાં તે ઉડી ગયા હતાં અને કરનના હાથ વિજ તારને અડી જતાં જોરદાર કરંટ લાગતાં દાઝી ગયો હતો અને નીચે પટકાયો હતો.

આ ઘટનામાં કરન બેભાન જેવો થઇ જતાં ગંભીર હાલતમાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મોડી રાતે દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી એ-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. કરન ત્રણ ભાઇ અને એક બહેનમાં નાનો હતો. અગાઉ તે બાબરા રહી ભણતો હતો. હાલ અભ્યાસ છોડી દીધો હતો. દિકરાના મૃત્યુને પગલે પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. આ બંને ઘટનામાં મૃતદેહના પોસ્ટમોર્ટમ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યા હતાં.

**કાગળ પર ક્લાસરૂમ, ક્લાસીસમાં હાઉસફુલ**

# ડમી સ્કૂલો બેફામ

## છતાં શિક્ષણ વિભાગ કેમ 'સૂરદાસ'?



### ૭૫% હાજરીના નિયમો માત્ર પ્રમાણિકો માટે જ? ડમી સ્કૂલના માફિયાઓને બાયોમેટ્રિક હાજરીના સકંજામાં ક્યારે લવાશે?

### સરપ્રાઈઝ ચેકિંગ માત્ર કાગળ પર? એસી ચેમ્બરમાં બેસતા અધિકારીઓને ગ્રાઉન્ડ ઝીરોનું સત્ય કેમ નથી દેખાતું?

રાજકોટ, તા.૧૪

ગુજરાતના શિક્ષણ જગતમાં છેલ્લા કેટલાક સમયથી 'ડમી સ્કૂલ' કે 'ડમી ક્લાસીસ' નામનું દૂષણ કેન્સરની જેમ ફેલાઈ રહ્યું છે. એક તરફ પ્રામાણિક વિદ્યાર્થીઓ સવારથી સાંજ સુધી શાળાએ જઈને, શિસ્તબદ્ધ માહોલમાં મહેનત કરે છે, જ્યારે બીજી તરફ માત્ર કાગળ પર ચાલતી ડમી સ્કૂલો અને મોટા કોચિંગ ક્લાસિસની મિલીભગતથી એક આખું સમાંતર શિક્ષણ માળખું ઊભું થઈ ગયું છે. આ પરિસ્થિતિ હવે માત્ર ચિંતાનો વિષય નથી રહી, પરંતુ અસહ્ય બની ચૂકી છે. તેમ છતાં, શિક્ષણ વિભાગ અને જવાબદાર તંત્રનું મૌન અનેક ગંભીર સવાલો ઊભા કરે છે. જે વિદ્યાર્થીઓ ઉંઊઊ, ગઊઊઝ કે ૠઞઉંઈઊઝ જેવી રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માંગે છે, તેમને મોટા કોચિંગ ક્લાસિસ દ્વારા એક શોર્ટકટ ઓફર કરવામાં આવે છે. નિયમ મુજબ ધોરણ ૧૧ અને ૧૨માં શાળામાં ૭૫% કે ૮૦% હાજરી ફરજિયાત હોય છે. જો સામાન્ય દિવસોમાં શિક્ષણ વિભાગ નાની શાળાઓમાં સામાન્ય વહીવટી ભૂલ પર પણ કડક પગલાં લેતું હોય, તો આટલું મોટું નેટવર્ક તંત્રની નજર બહાર કઈ રીતે રહી શકે? આ મૌન સ્વીકૃતિ છે કે લાચારી? તંત્રની ઊંઘ ક્યારે ઉડશે? આશ્ચર્યની વાત એ છે કે સ્થાનિક તંત્ર આંખ આડા કાન કરીને બેસી રહે છે અને જ્યારે ગાંધીનગરની ખાસ સ્ક્વોડ કે વિજિલન્સ ટીમ સરપ્રાઈઝ ચેકિંગ કરે છે, ત્યારે જ આ કૌભાંડો બહાર આવે છે.

## તંત્ર મૌન કેમ? ક્યાં અટકે છે આખી સિસ્ટમ?

જ્યારે પણ મીડિયા કે જાગૃત નાગરિકો દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવે છે, ત્યારે તંત્ર થોડા દિવસો માટે 'તપાસના આદેશ' આપીને સંતોષ માની લે છે. આ મૌન પાછળ કેટલાક મુખ્ય કારણો જવાબદાર દેખાય છેઃ

### મોટા ગજાના સંચાલકોનું દબાણ

ડમી સ્કૂલો અને મોટા કોચિંગ સેન્ટરો ચલાવનારા લોકો રાજકીય અને આર્થિક રીતે ખૂબ વગદાર હોય છે. ઘણી શાળાઓ તો રાજકારણીઓ કે તેમના સગા-સંબંધીઓની જ હોય છે, જેથી તેમના પર હાથ નાખતા અધિકારીઓ ખચકાય છે.

### કાયદાકીય છટકબારીઓઃ

શાળાઓ કાગળ પર બધું જ 'ઓલ રાઈટ' બતાવે છે. રજિસ્ટરમાં ખોટી હાજરી પુરી દેવામાં આવે છે. જ્યારે સરકારી અધિકારીઓ સરપ્રાઈઝ ચેકિંગ માટે જાય, ત્યારે વિદ્યાર્થીઓ 'બીમાર છે' અથવા 'રજા પર છે' તેવા બહાના ધરી દેવાય છે.

### નૈતિકતાનો અભાવઃ

શિક્ષણ વિભાગના પાયાના સ્તરના અધિકારીઓથી લઈને ઉચ્ચ સ્તર સુધી ભ્રષ્ટાચારના મૂળ એટલા ઊંડા ઉતરી ગયા છે કે વર્ષોથી ચાલતી આ સિસ્ટમ સામે કોઈ કડક પગલાં લેવા ઈચ્છતું નથી.

## ડમી સ્કૂલનું દૂષણ વિદ્યાર્થીઓ માટે હાનિકારક : અવધેશભાઈ કાનગડ

રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ અવધેશભાઈ કાનગડે રાજકોટ મિરર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે ડમી સ્કૂલનું દૂષણ વિદ્યાર્થીઓ માટે હાનિકારક છે. આ અંગે સરકારે ખરા અર્થમાં યોગ્ય વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. જે રીતે સામાન્ય શાળાઓ માટે હાજરી, માળખાકીય સુવિધાઓ, લાયકાત ધરાવતા શિક્ષકો અને ફી નિયંત્રણ (ૠછઈ) ના કડક નિયમો છે, તે જ તમામ નિયમો કોચિંગ ક્લાસ પર પણ સમાન રીતે લાગુ થવા જોઈએ. શિક્ષણ ક્ષેત્રે ફેલાયેલા આ દૂષણને ડામવા માટે સરકારે તાત્કાલિક કડક કાયદાકીય માળખુ તૈયાર કરવું જોઈએ, જેથી શિક્ષણનું વ્યાપારીકરણ અટકે અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય સુરક્ષિત થાય.

## રાજકોટમાં આ દૂષણ કેમ આટલું મોટું બન્યું?

**૧. સૌરાષ્ટ્રભરના વિદ્યાર્થીઓનું કેન્દ્રઃ**

રાજકોટમાં આખા સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી હજારો વિદ્યાર્થીઓ ઉંઊઊ અને ગઊઊઝ જેવી અઘરી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે આવે છે. મોટા કોચિંગ ક્લાસિસ આ વિદ્યાર્થીઓને આકર્ષવા માટે સ્થાનિક નાની અને મધ્યમ શાળાઓ સાથે અગાઉથી જ 'ટાઈ-અપ' (છૂપી સાંઠગાંઠ) કરી લે છે.

**૨. પેપર પર હાજરી અને કાગળ પર ચાલતી શાળાઓઃ**

રાજકોટ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોની સીમમાં આવેલી કેટલીક શાળાઓ માત્ર કાગળ પર જ ધમધમે છે. વાસ્તવિક તપાસમાં જાણવા મળ્યું છે કે વિદ્યાર્થીઓનું એડમિશન એક જગ્યાએ બોલતું હોય, તે ભણતા કોચિંગ ક્લાસમાં હોય અને સ્કૂલમાં માત્ર કાગળ પર હાજરી પુરાતી હોય.

**૩. ગંભીર ક્ષતિઓ અને બાળમજૂરી જેવા કિસ્સાઃ**

શિક્ષણ વિભાગના દરોડા દરમિયાન તો એવા પણ કિસ્સા બહાર આવ્યા છે કે ડમી સ્કૂલોમાં લાયક શિક્ષકો જ નથી હોતા. માત્ર ૩,૦૦૦ થી ૫,૦૦૦ રૂપિયાના નજીવા પગારે ધોરણ ૮ પાસ કે ધોરણ ૧૦ નાપાસ સગીરાઓને 'શિક્ષિકા' તરીકે રાખીને કાગળ પર ક્લાસ ચલાવવામાં આવતા હતા!

## તંત્રની ઢીલી નીતિ અને ભ્રષ્ટાચાર

નિયમો તો બહુ કડક છે કે શાળામાં ૭૫%-૮૦% હાજરી હોવી જ જોઈએ, પરંતુ તેનું ગ્રાઉન્ડ લેવલ પર ચેકિંગ કરનાર કોઈ નથી. શિક્ષણ વિભાગના સ્થાનિક અધિકારીઓ બધું જાણતા હોવા છતાં આંખ આડા કાન કરે છે. જ્યારે પણ કોઈ ફરિયાદ થાય ત્યારે માત્ર 'કાગળ પરની તપાસ' થાય છે. કોઈ મોટી શાળાની માન્યતા રદ થઈ હોય કે કોઈ મોટા ક્લાસિસ સીલ થયા હોય તેવા દાખલારૂપ કડક પગલાં લેવાતા નથી, જેથી સંચાલકો બેફામ બન્યા છે.

## આ દૂષણ કેમ અસહ્ય અને નુકસાનકારક

### ૧. શિક્ષણના મૂળભૂત હેતુનો નાશઃ

શાળા એ માત્ર પુસ્તકીય જ્ઞાન મેળવવાનું કેન્દ્ર નથી. ત્યાં વિદ્યાર્થી ડિસિપ્લિન (શિસ્ત), સામાજિક મૂલ્યો, ખેલકૂદ અને સામૂહિક જીવનના પાઠ શીખે છે. ડમી સ્કૂલો વિદ્યાર્થીઓને માત્ર 'માર્ક્સ મેળવવાનું મશીન' બનાવી રહી છે, જેનાથી તેમનો સર્વાંગી વિકાસ રૂંધાય છે.

### ૨. પ્રામાણિક વિદ્યાર્થીઓ સાથે અન્યાયઃ

જે વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ જાય છે, પ્રોજેક્ટ સબમિટ કરે છે અને લેબોરેટરીમાં પ્રેક્ટિકલ કરે છે, તેમને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ઓછો સમય મળે છે. જ્યારે ડમી સ્કૂલના વિદ્યાર્થીઓ આખો દિવસ માત્ર ક્લાસીસમાં જ વિતાવે છે. આ એક અસમાન સ્પર્ધા (ગ્રક્ષયીફહ ડ્હકુશક્ષલ ૠશાયહમ) ઊભી કરે છે.

### ૩. માનસિક તણાવ અને ડિપ્રેશનઃ

કોચિંગ ક્લાસના ૧૦ થી ૧૨ કલાકના રૂટિન અને માત્ર રેન્ક લાવવાના દબાણ હેઠળ વિદ્યાર્થીઓ નાની ઉંમરે જ ગંભીર માનસિક તણાવ, એકલતા અને ડિપ્રેશનનો ભોગ બને છે. કોટા (રાજસ્થાન) કે ગુજરાતના મોટા શહેરોમાં બનતી વિદ્યાર્થીઓની આત્મહત્યાની ઘટનાઓ આનું વરવું ઉદાહરણ છે.

### ૪. આર્થિક શોષણઃ

આ આખી સિસ્ટમ મધ્યમવર્ગીય વાલીઓની મજબૂરીનો ફાયદો ઉઠાવે છે. વાલીઓએ સ્કૂલની ફી પણ ભરવી પડે છે અને ક્લાસીસની લાખો રૂપિયાની ફી પણ ચૂકવવી પડે છે. શિક્ષણ હવે સેવા મટીને શુદ્ધ 'વ્યાપાર' બની ગયું છે.

## શાળાઓની જેમ કોચિંગ ક્લાસને પણ નિયમોમાં આવરી લેવામાં આવે તો જ દૂષણ થશે દૂર : જતીનભાઈ ભરાડ

ભરાડ ગ્રુપ ઓફ સ્કુલ્સના જતીનભાઈ ભરાડે રાજકોટ મિરર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે સરકારે જે રીતે શાળાઓ માટે નીતિ નિયમો લાગુ કર્યા છે તેવી જ રીતે કોચિંગ ક્લાસ માટે પણ નિયમો લાગુ કરવામાં આવે તે ખૂબ જરૂરી છે તો ને તો જ આ દુષણ દૂર થશે. આજે શિક્ષણ એક પવિત્ર વ્યવસાય મટીને નફાખોરીનો મોટો ધંધો બની ચૂક્યો છે. ગલીએ-ગલીએ ફૂટી નીકળેલા કોચિંગ ક્લાસો વિદ્યાર્થીઓ અને વાલીઓનું આર્થિક તથા માનસિક શોષણ કરી રહ્યા છે. મોંઘીદાટ ફી અને માનસિક તણાવને કારણે વિદ્યાર્થીઓની સ્થિતિ અત્યંત કફોડી બની ગઈ છે. ડમી સ્કૂલ'ના નામે ચાલતું નેટવર્ક શિક્ષણ વ્યવસ્થાને અંદરથી ખોખરું રહ્યું છે. વિદ્યાર્થીઓ માત્ર કાગળ પર શાળામાં હાજર રહે છે અને આખો દિવસ કોચિંગ ક્લાસમાં વિતાવે છે. આનાથી શાળાઓનું અસ્તિત્વ અને શિક્ષણની ગરિમા જોખમાઈ રહી છે.

# 'કાજુ કતરી બિલ કાંડ'માં તપાસના નામે મીંડું

### અધિકારીઓનું મૌન અને ભીનું સંકેલવાની અટકળો તેજ : તપાસ માત્ર કાગળ પર જ સીમિત રહી હોવાની ચર્ચાએ પકડ્યું જોર

**કાગળ પર સમિતિ બની, પણ વાસ્તવિકતામાં હજુ કોઈજ નિષ્કર્ષ ન આવતા ગણગણાટ**



રાજકોટ, તા. ૧૪

રાજકોટ મહાનગરપાલિકા અને સરકારી વર્તુળોમાં ગાજેલા ચર્ચાસ્પદ 'કાજુ કતરી બિલ કાંડ'માં વહીવટી તંત્રની શંકાસ્પદ ભૂમિકા સામે આવી રહી છે. આ કૌભાંડ બહાર આવ્યા બાદ ચોંકી ઉઠેલા તંત્ર દ્વારા તાબડતોબ તપાસ સમિતિની જાહેરાત તો કરી દેવામાં આવી હતી, પરંતુ આ સમિતિની રચનાને દિવસો વીતી ગયા હોવા છતાં હજુ સુધી તપાસ સમિતિની એક પણ સત્તાવાર બેઠક મળી નથી. સમિતિની આ ઢીલી નીતિને કારણે હવે આ ચર્ચાસ્પદ કાંડ પર પડદો પાડી દેવાની અને ભીનું સંકેલી લેવાની અટકળોએ ભારે જોર પકડ્યું છે.

### તપાસ ચાલુ છે કે બંધ? વહીવટી તંત્રમાં ભારે અવઢવ

આ સમગ્ર પ્રકરણમાં સૌથી મોટી આશ્ચર્યજનક બાબત એ છે કે કૌભાંડની તપાસ ખરેખર ચાલુ છે કે પછી તેને અભરાઈએ ચડાવી દેવામાં આવી છે, તે અંગે કોઈ સ્પષ્ટતા નથી. ઉચ્ચ અધિકારીઓ આ મુદ્દે કંઈ પણ બોલવા તૈયાર નથી. જ્યારે પણ પત્રકારો કે જાગૃત નાગરિકો દ્વારા આ અંગે સવાલો પૂછવામાં આવે છે, ત્યારે અધિકારીઓ મૌન સેવી લે છે અથવા તો ગોળગોળ જવાબો આપીને વાતને ટાળી રહ્યા છે. અધિકારીઓની આ પ્રકારની ગુપ્તતા શંકાની સોયને વધુ મજબૂત બનાવે છે.

### અધિકારીઓની મિલીભગતની ગંધ

સૂત્રોના જણાવ્યા અનુસાર, કાજુ કતરીના નામે મસમોટા ખોટા બિલો બનાવીને સરકારી નાણાંનો જે ધુમાડો કરવામાં આવ્યો છે, તેમાં હજુ પણ ઘણા મોટા માથાઓ સંડોવાયેલા હોવાની આશંકા છે. કદાચ આ જ કારણે તપાસ પ્રક્રિયાને જાણીજોઈને ધીમી પાડવામાં આવી રહી છે જેથી સમય જતાં મામલો શાંત થઈ જાય. એક તરફ પ્રજાના ટેક્સના પૈસાનો આવો વેડફાટ થયો છે અને બીજી તરફ તંત્ર તપાસના નામે માત્ર નાટક કરી રહ્યું હોય તેવો ઘાટ સર્જાયો છે.

### ત્રણ મહત્વના પાસાઓ પર એક નજર

**૧. કાગળ પરની સમિતિ**

તંત્ર દ્વારા વિરોધ પક્ષો અને જનતાના આક્રોશને શાંત કરવા માટે ઉતાવળે તપાસ સમિતિની જાહેરાત તો કરી દેવાઈ, પરંતુ વાસ્તવિકતા એ છે કે સમિતિના સભ્યો પાસે હજુ સુધી ફાઈલોની પ્રાથમિક ચકાસણી કરવાનો પણ સમય મળ્યો નથી. બેઠકો ન યોજાવા પાછળ કોઈ ચોક્કસ ટેકનિકલ કારણ પણ આપવામાં આવી રહ્યું નથી.

**૨. અધિકારીઓનું ભેદી મૌન**

આ કાંડમાં સામાન્ય રીતે મીડિયા સામે નિવેદનો આપતા જવાબદાર અધિકારીઓએ પણ હવે મૌન વ્રત ધારણ કરી લીધું છે. કોઈ પણ અધિકારી આ કેસની પ્રગતિ વિશે સત્તાવાર નિવેદન આપવા રાજી નથી, જે દર્શાવે છે કે ક્યાંક ને ક્યાંક આંતરિક દબાણ કામ કરી રહ્યું છે.

**૩. જનતાનો આક્રોશ અને અટકળો**

સામાન્ય જનતામાં હવે એ ચર્ચા તેજ થઈ છે કે દર વખતની જેમ આ વખતે પણ 'મોટા માથાઓ'ને બચાવી લેવા માટે આ આખી તપાસને ભીની સંકેલી લેવામાં આવશે. જો આગામી દિવસોમાં કોઈ નક્કર પગલાં નહીં લેવાય, તો આ મુદ્દે ફરીથી આંદોલનના મંડાણ થાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

### અગાઉના કૌભાંડોની જેમ જ 'ભીનું સંકેલવાની' પરંપરા?

રાજકોટ મહાનગરપાલિકા કે સ્થાનિક સરકારી તંત્રમાં આ પહેલીવાર નથી થયું. ભૂતકાળમાં પણ સ્ટેશનરી કૌભાંડ, ડીઝલ ચોરી કે રિપેરિંગના નામે થયેલા ભ્રષ્ટાચારોમાં આવી જ રીતે 'તપાસ સમિતિ'ઓ બની હતી. અંતે તપાસના અહેવાલો કબાટમાં બંધ થઈ ગયા અને નાના કર્મચારીઓને સસ્પેન્ડ કરી મોટા અધિકારીઓ સાફ બચી ગયા હતા. આ કાજુ કતરી કાંડમાં પણ એ જ ઈતિહાસનું પુનરાવર્તન થવા જઈ રહ્યું હોવાની અટકળોએ જોર પકડ્યું છે.જ્યારે મીડિયા પ્રતિનિધિઓ દ્વારા જવાબદાર અધિકારીઓને આ અંગે સવાલો પૂછવામાં આવે છે, ત્યારે તેઓ બંધ બારણે એવું બહાનું ધરે છે કે, ''તપાસ ચાલુ હોવાથી અત્યારે કોઈ વિગત આપી શકાય નહીં.'' પરંતુ વાસ્તવિકતા એ છે કે ફાઈલો ધૂળ ખાઈ રહી છે. આ 'નો કમેન્ટ્સ' વાળી ટેકનિક વાપરીને મામલાને લાંબો ખેંચીને ઠંડો પાડી દેવાની રણનીતિ સ્પષ્ટ દેખાઈ રહી છે.